



જ્ઞાનજ્યોત વાર્તા શ્રેણી

ભાગ-3

# રૂપસેન-સુનંદા

# કાલે આવજે

લેખક : પૂ.પ્રવર્તકપ્રવરશ્રી ધર્મગુપ્ત વિજયજી મ.સા.



# પૂજ્ય પ્રવર્તકપ્રવરશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ

## મિતાક્ષરી પરિચય

| | | |
|---|---|---|
| જન્મ | : | સં. ૧૯૮૬, વૈશાખ સુદ-૧૫, પુદ્ગામ (વિસનગર, ગુજરાત) |
| માતા-પિતા | : | શ્રીમતી હિરાબેન મણીલાલ શાહ |
| સંસારી નામ | : | કાંતિલાલ |
| દીક્ષા | : | સં. ૨૦૦૭, મહા સુદ-૬, સુરત |
| વડીદીક્ષા | : | સં. ૨૦૦૭, વૈશાખ સુદ-૬, મુંબઇ-માધવબાગ-લાલબાગ |
| પ્રવર્તકપ્રવર પદ | : | સં. ૨૦૪૪, મહા સુદ-૧૦, કુંભોજગિરીતીર્થ (મહા.) |
| દીક્ષિતસ્વજન | : | લઘુબંધુ-પૂ.આ.શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મ. |
| સાહિત્ય સર્જન | : | લગભગ ૮૫ - ગુજરાતી-હિન્દી પુસ્તકો |
| શિષ્ય-પ્રશિષ્ય | : | ૧૦નો પરિવાર |
| કાળધર્મ | : | સં.૨૦૬૬, મહા સુદ-૨, તા.૧૭-૧-૨૦૧૦, આંબાવાડી જૈન ઉપાશ્રય, અમદાવાદ |

# ઉપસેન-સુનંદા

ભાગ-૩

**લેખક**


સ્વ. પરમારાધ્યપાદ સિદ્ધાંતમહોદધિ આચાર્યભગવંતશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ આચાર્ય દેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય

**પૂજ્ય પ્રવર્તક પ્રવરશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ**


**સંપાદક**


પૂ. મુનિરાજશ્રી જિનવલ્લભવિજયજી મ.સા.

પૂ. મુનિરાજશ્રી આત્મદર્શનવિજયજી મ.સા.


**પ્રકાશક**


શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર

બ્લોક-૩, મીનરવા પાર્ક, પ્રિયા સિનેમા પાસે,

કૃષ્ણનગર, અમદાવાદ.

પ્રથમ સંસ્કરણ : ત્રીજી આવૃત્તિ

**પ્રાપ્તિસ્થાન**

**ઊમેશભાઈ એચ. શાહ**
૩૦૫, રાજકમલ પ્લાઝા, સમૃદ્ધિ કોમ્પલેક્ષની બાજુમાં,
જુની હાઈકોર્ટ સામે, નવજીવન પોસ્ટ ઓફિસ,
ઈન્કમટેક્ષ, અમદાવાદ.
ફોન : ૨૭૫૪૦૧૫૨, ૨૭૫૪૩૯૦૭

**રાજુભાઈ હિંમતલાલ શાહ**
બ્લોક-૮૨/૧૩૧૩, કૃષ્ણનગર, સૈજપુર-બોઘા,
અમદાવાદ. ફોન : ૨૨૮૧૫૪૯૭

**ટાઈપ સેટીંગ**

**શ્રી જૈનમ ગ્રાફીક્સ**
અમદાવાદ. મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦

**મૂલ્ય : રૂા. ૨૦/-**

નોંધ : આ સંસ્થાના તમામ પુસ્તકો ઉપરના સરનામેથી મળશે.

# રૂપસેન-સુનંદા

પૃથ્વીભૂષણ નામનું નગર. ત્યાં કનકધ્વજ રાજા રાજ્ય કરતો હતો. રાજાને યશોમતી નામની રાણી હતી. રાજા-રાણીને બે પુત્રો હતા. એકનું નામ ગુણચંદ્ર અને બીજાનું નામ કીર્તિચંદ્ર. સુનંદા નામની એક પુત્રી હતી. આ સુનંદા રાજકુમારી એક વાર મહેલના ઝરૂખામાં સખીઓ સાથે ઊભી ઊભી નગરનું અવલોકન કરી રહી હતી ત્યાં અચાનક એક શેઠની હવેલી પર નજર પડી. ત્યાં શેઠ પોતાની સુંદર સ્ત્રીને ચાબુક લઈને મારતો હતો. સ્ત્રી કહે છે કે-હે સ્વામિનાથ ! નિરપરાધી એવી મને શું કામ મારો છો ? મેં કદીયે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી. પેલી સ્ત્રી વારંવાર પ્રણામ કરીને પ્રાર્થના કરે છે કે મને મારો નહિ, છતાં પેલો શેઠ તેને માર્યા કરે છે. પુરુષની આવી નિર્દયતા અને સ્ત્રીની લાચારી જોઈને સુનંદાએ પોતાની સખીને કહ્યું કે આવી પુરુષની પરાધીનતા સ્વીકારવાને બદલે તો કુંવારા રહેવું સારું. એમ વિચારીને પુરુષદ્વેષિણી થઈ.

સુનંદાએ પોતાની પ્રિય સખીને કહ્યું કે-તું માતા પાસે જઈને કહી દે કે સુનંદા લગ્ન કરવાની ના પાડે છે, માટે તમારે તેના વિવાહની ચિંતા ન કરવી.

સખીએ સુનંદાને કહ્યું-તું હમણાં આ બાબતમાં ઉતાવળ ન કર. હમણાં બાલ્યાવસ્થા છે એટલે તું આમ બોલે છે, પરંતુ યૌવન વયમાં પગ મૂકતાં તારા આ વિચારો ટકવાના નથી. યૌવનવયમાં પતિ વિનાની યુવતીની ધૂળ જેટલી કિંમત હોય છે. ઘર ધન-ધાન્યાદિથી ભરેલું હોય, પણ પતિનો વિરહ હોય તો સતી સ્ત્રીને ઘર સ્મશાન જેવું લાગે છે. સ્ત્રીને તો પતિ સુખ પહેલું, બીજું સુખ પછી, યોગીને સમતાનું સુખ; તેમ યુવાન સ્ત્રીને પતિસુખ. એટલા માટે તો કેટલીક સ્ત્રીઓ પતિનો વિરહ સહન ન થતાં અગ્નિમાં પ્રવેશ કરે છે. માટે તારે હમણાં કાંઈ પણ બોલવું ઠીક નથી. મનુષ્યે એવું બોલવું કે બોલાયેલા શબ્દોનું અક્ષરશઃ પાલન થાય. આ મારી વાત કદાચ હાલ તારા ગળે નહિ ઊતરે, પરંતુ યૌવન આવતાં તને મારી વાત ગળે ઊતરી જશે.

જોકે જિંદગીપર્યંત બ્રહ્મચર્યનું અખંડ પાલન કરી શકાય તો તે સર્વોત્તમ જ છે. પરંતુ અખંડ બ્રહ્મચર્યનું પાલન ન થઈ શકે તો લગ્ન કરી સદાચારનું પાલન કરવું સારું, જેથી જીવન સ્વેચ્છાચારી ન બને.

સુનંદાએ સખીને કહ્યું-તારી વાત પર વિચાર કરીશ, પરંતુ તું માતા આગળ જઈને કહે કે હમણાં મારા લગ્ન માટે ઉતાવળ ન કરે. મારી ઈચ્છા થશે તો પછી હું જ માતાને જણાવીશ.

તારે આજથી મારા મહેલમાં કોઈ પણ કાર્યપ્રસંગે પુરુષને પેસવા દેવો નહિ. બીજી સખીઓ અને દાસીઓને પણ આ વાત જણાવી દેવી.

સખીએ રાજમાતા પાસે જઈને સુનંદાના મનની વાત કરી. માતા કહે જેવી તેની ઈચ્છા. સખીયે સુનંદા પાસે આવીને કહ્યું કે તારી ઈચ્છા માતાને જણાવી દીધી છે. માતા તારી વાતમાં સંમત થયાં છે, માટે તારે કોઈ વાતની ચિંતા ન કરવી. સુનંદા સખીની વાત સાંભળી આનંદ પામી. હવે સુનંદા પોતાના મહેલમાં સખીઓ સાથે સુખપૂર્વક સમય પસાર કરતી રહી છે.

આ નગરમાં વસુદત્ત નામનો અત્યંત ધનવાન વેપારી રહે છે. તેને અનુક્રમે ધર્મદત્ત, દેવદત્ત, જયસેન, રૂપસેન નામના ચાર પુત્રો છે. ચારે પુત્રો વ્યાપાર આદિમાં ખૂબ જ હોંશિયાર અને પોતાની પ્રતિજ્ઞાના પાલનમાં મક્કમ છે.

તેમાં સૌથી નાનો પુત્ર રૂપસેન કામશાસ્ત્રમાં અત્યંત કુશળ અને માબાપ અને ભાઈઓને ખૂબ જ વહાલો છે. તેથી તેને કોઈ કંઈ પણ કામ કરવાનું કહેતું નથી. તેથી રોજ સુંદર વસ્ત્રો અને અલંકારો પહેરીને નગરમાં-બગીચાઓમાં દોસ્તોની સાથે નિશ્ચિંત થઈને લહેરથી ફરે છે. કોઈ વાર સુંદર ઘોડા ઉપર ચઢીને ફરવા જાય છે તો કોઈ વાર ઘોડા ગાડીમાં બેસીને, તો કોઈક વાર પગે ચાલીને ફરવા જાય છે. ગીતગાન અને નૃત્યના જલસામાં પણ જાય છે. ખૂબ જ કૌતુકપ્રિય છે.

તેથી રોજ ને રોજ નવું નવું જોવાનું, જાણવાનું તેને ખૂબ જ મન રહે છે. એક વાર રૂપસેન મન ભાવતું ભોજન કરીને રાજમહેલની સામે આવેલી પાનવાળાની દુકાને આવીને પાન ખાતો બેઠો છે. એવામાં રાજકુમારી સુનંદા કે જે હવે યૌવનવયમાં આવેલી છે તે સખીઓ સાથે મહેલના ઝરૂખામાં આવીને બેઠી છે અને નગરચર્ચા જુવે છે. નગરચર્ચા જોતાં જોતાં સુનંદાની નજર પાનવાળાની દુકાન પર ઊંચા આસન પર બેઠેલા કામદેવ જેવા રૂપાળા યુવાન રૂપસેન પર પડી. અને રૂપસેનની નજર પણ સુનંદાના મોહક રૂપ પર પડી. તેથી બંનેના દિલમાં કામનો કીડો સળવળ્યો. પુરુષ પર વૈરાગી એવી સુનંદા પણ રૂપસેનના રૂપ અને યૌવનને જોઈને પુરુષની રાગી બની ગઈ. રૂપસેન પણ દેવાંગનાના રૂપને પણ મહાત કરે એવી સુનંદાને જોઈને તેના પર મુગ્ધ થયો. એકબીજાના મનોભાવને જાણીને સુનંદાએ એક પ્રેમપત્ર લખી આપીને દાસીને રૂપસેન પાસે મોકલી. દાસી કોઈ ન જાણી જાય એ રીતે મહેલમાંથી બહાર નીકળીને પાનવાળાની દુકાન પર બેઠેલા રૂપસેન પાસે જઈને રૂપસેનને ઈશારો કરીને એકાંતમાં લઈ જઈને સુનંદાનો પ્રેમપત્ર આપ્યો. રૂપસેને વાંચીને વળતો સુનંદા પર પ્રેમપત્ર લખી આપ્યો. તે વાંચીને સુનંદા આનંદના સાગરમાં ડૂબી ગઈ. સુનંદાના દિલમાં રૂપસેને કાયમનું સ્થાન લઈ લીધું. સુનંદાએ રૂપસેનને દાસી દ્વારા કહેવડાવી દીધું કે 'તમારે રોજ અહીં આવીને મને દર્શન આપવું. જો તમે આ પ્રમાણે નહિ કરો તો હું ભોજન નહિ કરું. માટે મારી તમને ખાસ

પ્રાર્થના છે કે રોજ પાનવાળાની દુકાને આવીને મને તમારા દર્શનનું સુખ આપવું. બીજું જેમ માછલી પાણી વિના તરફડે તેમ હું તમારા વિના તરફડી રહું છું. નિરંતર તમારું જ ધ્યાન અને જાપ જપું છું. તમારે હવે મને પોતાની પ્રિય પ્રિયા જ ગણવી.

રૂપસેને પણ વિચાર કર્યો કે જો તેનો આટલો મારા પર સાચો પ્રેમ હોય તો મારે તેની વાત માન્ય રાખવી જોઈએ. અને જેટલી તેને મને મળવાની ઉત્સુકતા છે તેટલી તેને મળવાની મને પણ ઉત્સુકતા છે. તેથી રૂપસેને દાસીને વચન આપ્યું કે નક્કી હું રોજ અહીં આવીને તારી સ્વામિનીને દર્શન આપીશ.

હવે વચન (કોલ) આપ્યા પ્રમાણે રૂપસેન રોજ પાનવાળાની દુકાન પાન ખાવાને બહાને આવીને રાજકુમારી સુનંદાને દર્શન આપે છે. પરસ્પર દૃષ્ટિ-મિલનનો રોજ આનંદ લૂંટે છે. સુનંદા પણ પોતાની દૃષ્ટિમાંથી કટાક્ષરૂપી તીક્ષ્ણ બાણ ફેંકીને રૂપસેનના હૃદયને આરપાર વીંધી નાંખે છે. રૂપસેન પણ મોહથી તેને સુખરૂપ માનતો રાજકુમારીનું જ નિરંતર ધ્યાન કરતો જેમ તેમ દિવસો પસાર કરે છે.

જેમ મોર મેઘની રાહ જુવે, ચકોર ચંદ્રમાની પ્રતિક્ષા કરે તેમ આ બંને પ્રેમપંખીડાં એકબીજાને મળવાની રાહ જોઈ રહ્યાં છે. પણ કોઈ રસ્તો દેખાતો નથી. મહેલમાં સખત પોલીસનો પહેરો છે.

એટલામાં નગરમાં કૌમુદી-મહોત્સવનો દિવસ નજીક આવી પહોંચ્યો. તેથી રાજાએ આખાયે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે-હે નગરજનો ! અમુક દિવસે કૌમુદી-મહોત્સવનો દિવસ આવે છે. માટે બિમાર અને અત્યંત વૃદ્ધ સિવાય બધાયે નગરજનોએ નગર બહાર ઉદ્યાનમાં ઉજાણી કરવા આવવું. જે નહિ આવે તેને રાજા સખત સજા કરશે. આ પ્રમાણે રાજાનો આદેશ સાંભળીને નગરના લોકો મહોત્સવની તૈયારી કરવામાં લાગી ગયા.

આ બાજુ રાજકુમારી સુનંદા પણ રૂપસેનને મળવાની સુંદર તક આવી એમ સમજીને તે પણ રૂપસેનને એકાંતમાં તે દિવસે મળવાની તૈયારીમાં પડી ગઈ. પોતાની ખાસ વિશ્વાસપાત્ર દાસી દ્વારા રૂપસેનને જણાવી દીધું કે અમુક દિવસે કૌમુદી-મહોત્સવનો દિવસ છે તેથી તે દિવસે રાજા-રાણી અને નગરના લોકો બધા જ નગરની બહાર ઉદ્યાનમાં જશે. તેથી તમારે બિમારીનું બહાનું કાઢી ઘરે રહેવું અને રાતના એક પહોર પછી તમારે મારા મહેલની પાછળના ભાગની બારી આગળ આવવું. ત્યાં એક મજબૂત દોરડું લટકતું રાખવામાં આવશે તે તમે પકડીને હલાવશો એટલે મારી દાસીઓ તમને મહેલ ઉપર ખેંચી લેશે. માટે આપણા મનોરથને પૂર્ણ કરવાનો આ દુર્લભ અવસર ચૂકતા નહિ. અને હું પણ તે દિવસે બિમારીનું બહાનું કાઢીને મહેલમાં રહીશ. માટે તે રાતના નગર નિર્જન હશે. તેથી તમારે અહીં આવવામાં કોઈ જાતની શંકા કે ભય રાખવો નહીં. નિર્ભય થઈને નિઃસંકોચ આવવું. હું તમારી રાહ

જોતી બેસી રહીશ. માટે આ વિષયમાં જરાયે ગફલતમાં રહેશો નહિ. અને તમારા સાક્ષાત સમાગમનું મને સુખ આપવાનું ભૂલશો નહિ.

માણસ એક પાપ કરવા કેટલાં બધાં પાપ કરવાની યોજના કરે છે ? આવાં ઢગલાબંધ પાપો કરીને મેળવેલું સુખ કેટલો વખત ટકવાનું ? અને કરેલાં પાપોના ઉદયે આવેલું દુ:ખ કેટલો વખત અને કેવું ભોગવવાનું ?

અજ્ઞાન મનુષ્ય એક બિંદુ જેવડા કાલ્પનિક અને નશ્વર સુખ ખાતર સિંધુ જેવડા દુ:ખને નોંતરવા તૈયાર થાય છે. એક સાકરના ટુકડાના સ્વાદ ખાતર પોતાની જીભ કપાવવા તૈયાર થાય છે. કણ ખાતર મણ ગુમાવવા તૈયાર થાય છે. કાચને બદલે મણિ આપવા તૈયાર થાય છે.

લાલચુ બિલાડીને સામે પડેલો દૂધનો વાડકો જ દેખાય છે, પણ માલિકનો દંડો દેખાતો નથી. એમ વિષયાંધ-જીવને ફક્ત તેની નજર સમક્ષ રહેલું ક્ષણિક સુખ જ દેખાય છે, પણ પાપ કે દુર્ગતિ દેખાતાં નથી.

હવે રૂપસેન અને સુનંદા કૌમુદી-મહોત્સવની પ્રતિક્ષામાં દિવસો જેમ તેમ પસાર કરે છે. એટલામાં તેઓનો ઈચ્છિત દિવસ આવી પહોંચ્યો. હવે તો એકેક સેકન્ડ અને મિનિટ ગણાઈ રહી છે. સાંજ પડવા આવી એટલે નગરના લોકો તો ઉત્સવની સામગ્રી લઈ લઈને નગરની બહાર ઉદ્યાન તરફ

જવા માંડ્યા. રૂપસેનના પિતા અને આખું કુટુંબ પણ જવા તૈયાર થયું. ત્યારે ઘરમાં રૂપસેને શાન્તિથી બેઠેલો જોઈને તેના પિતાએ કહ્યું, બેટા ! ચાલ, અમે બધા જઈએ છીએ. ત્યારે રૂપસેને પિતાને કહ્યું કે પૂજ્ય પિતાશ્રી ! આજ મને તાવ આવ્યો છે તેથી મારું શરીર ખૂબ જ અસ્વસ્થ છે. માટે તમે બધા ખુશીથી જાઓ, જો મને તાવ ઊતરી જશે તો પછી હું આવીશ. મારી ચિંતા ન કરશો. રૂપસેનની વાત સાચી માનીને તેના પિતા વગેરે બધા જ ઉદ્યાનમાં ગયા. ઘરમાં રહ્યો માત્ર રૂપસેન.

આ બાજુ રાજમહેલમાં રાજા-રાણી અને રાજપરિવાર નગરની બહાર જવા તૈયાર થયા ત્યારે રાજમાતાએ પોતાની લાડકી પુત્રી સુનંદાને કહ્યું કે-બેટી ! ચાલ, જલ્દી કર. અમે બધાં તારી રાહ જોઈને ઊભાં છીએ. ત્યારે સુનંદાએ મંદ મંદ સ્વરે માતાને કહ્યું કે- હે માતા ! આજ સવારથી મારું માથું ખૂબ જ દુઃખે છે, ચક્કર આવે છે, મને કંઈ ચેન પડતું નથી. માટે તમે બધાં સુખીથી જાઓ. જો મારું માથું ઊતરી જશે તો પછી હું મારી સખીઓ અને દાસીઓ સાથે આવીશ. માટે તમારે મારી જરાયે ચિંતા ન કરવી. મારી સેવામાં સખીઓ અને દાસીઓ છે. રાજમાતાએ સુનંદાની વાત સાચી માની આવવા આગ્રહ ન કર્યો અને રાજા-રાણી અને બધો રાજપરિવાર નગરની બહાર ઉદ્યાનમાં પહોંચી ગયો. રાજકુમારીને ફાવતું મુક્ત વાતાવરણ મલી ગયું, તેથી ખૂબ જ હરખાઈ. હવે

આજે રાતે મારા મનના મનોરથ પૂર્ણ થશે એમ માનતી રૂપસેનની રાહ જોતી મહેલમાં બેઠી છે.

સૂર્ય અસ્તાચલ તરફ આગળ વધતો જાય છે, સંધ્યારાણીને ભેટવાની તૈયારી કરી રહ્યો છે. એટલામાં તો અસ્તાચલની પાછળ જઈને છુપાઈ ગયો.

ધીરે ધીરે રાત્રીએ જગત ઉપર પોતાનો અંધાર-પછેડો પાથરવાનો પ્રારંભ કરી દીધો. કલાક-બે કલાકમાં તો આખીયે અવનિ પર પોતાનું સામ્રાજ્ય બરાબર જમાવી દીધું. આવા અવસરે રૂપસેન પોતાની પ્રિયતમાને અત્યારે મળવા જવાનું હોવાથી ઉત્તમ વસ્ત્રો અને અલંકારોથી શરીરને શણગાર્યું. અત્તર વગેરે લગાડ્યું. પગમાં મોજા અને બૂટ પહેરી બની-ઠનીને રાજકુમારીને મળવાની હોંશમાં ઘેરથી નીકળ્યો. રસ્તામાં પોતાના મનમાં તરહ-તરહના તરંગોમાં રમતો જ્યાં બજારની મધ્યમાં આવ્યો ત્યાં એક જૂની-પુરાણી દુકાનની દીવાલ તે જ વખતે તૂટી અને તેના નીચે રૂપસેન દટાઈને મરી ગયો. તેણે કલ્પનાથી ચણેલો સુખનો ઊંચો મિનારો જમીનદોસ્ત થઈ ગયો. માણસ ધારે છે કાંઈ અને થાય છે કાંઈ. આ સંસારમાં માણસનું ધારેલું બધું સિદ્ધ થતું નથી. સંસારી પ્રાણી કર્મસત્તાને આધીન છે.

મરતાં રૂપસેનનું મન સુનંદામાં રહી ગયું. મરતાં જેવો ભાવ તેવો ભવ. અંતે જેવી મતિ તેવી ગતિ એ ન્યાયે રૂપસેન મરીને સુનંદાના ગર્ભમાં ઉત્પન્ન થયો.

હવે સુનંદાને ગર્ભ કેવી રીતે રહ્યો તે જોઈએ. કૌમુદી મહોત્સવમાં નગરના લોકો નગરની બહાર ઉદ્યાનમાં ચાલ્યા ગયા એટલે નગર નિર્જન બની ગયેલું આ નગરમાં એક મહાબળ નામનો જુગારી હતો. તે જુગાર રમતાં બધું ધન ખોઈ બેઠેલો, ઉપરથી માથે ખૂબ દેવું થઈ ગયેલું. બીજા જુગારીઓ પોતાના લેણા પૈસા લેવા તેને વારંવાર હેરાન કરતા. તેથી આ મહાબળ નામના જુગારીએ વિચાર રાખેલો કે આજે કૌમુદી-મહોત્સવ મારા માટે તો શુકનિયાળ નીવડશે. નગર આજે નિર્જન છે માટે કોઈ શ્રીમંતના ઘરનું તાળું તોડી ધન ઉપાડું. એમ વિચાર કરી નગરમાં ચારેકોર ભટકી રહ્યો છે. ભટકતો ભટકતો રાજમહેલના પાછળના ભાગમાં આવ્યો. ત્યાં લટકતું દોરડું જોયું એટલે ચકોર જુગારી સમજી ગયો કે આજે કોઈ પ્રેમીપંખીડા મળવાનાં લાગે છે. માટે લાવ તેનો લાભ હું જ લઈ લઉં. સાહસ કરીને લટકતું દોરડું પકડી જોરથી હલાવ્યું, તેથી રૂપસેનની પળે પળે પ્રતિક્ષા કરતી બેઠેલી સુનંદાની દાસીઓ સમજી ગઈ કે નક્કી રૂપસેન સાહેબ પધાર્યા લાગે છે. માટે દાસીઓએ આ જુવાન જુગારીને ઉપર ખેંચી લીધો, અને કોઈ જાણી ન જાય માટે તુરત દીવાનખાનાના દીવા બુઝાવી નાંખ્યા. દીવાનખાનામાં અંધારપટ છવાઈ ગયેલો હોવાથી સુનંદા કે દાસીઓ જુગારીને ઓળખી શકી નહિ. ઉસ્તાદ જુગારીએ મૌન રાખેલું. જેથી અવાજ પરથી પોલ પકડાઈ ન જાય. પછી સુનંદા તો આ પોતાનો પ્રેમી રૂપસેન જ

છે, એમ સમજીને તેનો પ્રેમથી હાથ પકડી પોતાના પલંગ પર લઈ ગઈ. કોમલાંગી સુનંદાના હાથનો સ્પર્શ થતાં જ જુગારી એકદમ કામાંધ બની ગયો, તેથી સુનંદા સાથે રતિ-સુખ ભોગવ્યું, એવામાં રાજમાતાએ સુનંદાની સુખશાતા પૂછવા ઉદ્યાનમાંથી મોકલેલી દાસીઓ આવી પહોંચે તે પહેલાં આ નકલી રૂપસેનને સુનંદાએ કહ્યું કે તમે હાલ અહીંથી જલ્દી ચાલ્યા જાવ, નહિ તો ભેદ ખૂલી જશે, અને તમારી અને મારી બેઈજ્જતી થશે. અને તમે મોટી આફતમાં આવી પડશો.

ભાગ્ય આપણું વિપરિત કે આજે ઘણા દિવસોની પ્રતીક્ષા બાદ આપણા બંનેનો સમાગમ થયો પણ કાંઈ વાર્તાવિનોદ ન થઈ શક્યો. અબોલા જ છૂટા પડવાનું થયું. માટે ફરી કોઈ વાર પધારજો. પેલો જુગારી તો શું કામ બોલે ? જુગારી જતી વખતે સુનંદાના શરીર પર રહેલા કીંમતી દાગીના ઉતારી લઈને રફુચક્કર થઈ ગયો.

સુનંદાને એમ લાગ્યું કે આ મારા દાગીના જૂના થઈ ગયા છે માટે નવા બનાવવા લઈ જતા લાગે છે માટે ભલે લઈ જાય. જુગારીને તો બેવડો લાભ થયો, એક તરફ રાજકુમારીના સમાગમનું સુખ મલ્યું અને એક બાજુ પૂરતું ધન મળ્યું પણ રતિક્રીડા વખતે રાજકુમારી સુનંદાને આ મહાબળ જુગારીથી ગર્ભ રહી ગયો, અને તેમાં પેલા રૂપસેનનો જીવ મરીને ઉત્પન્ન થયો. જુઓ વિષય-વિલાસનું ફળ ! જે

સુનંદા માટે રૂપસેને કેટલાં બધાં મનથી પાપ કર્યાં ? કેટલા બધા ખરાબ વિચારો કર્યા ? અને જ્યાં કોળિયો હાથમાં આવવાની તૈયારી હતી ત્યાં અધવચ્ચે જ તેના નસીબે કોળિયો હાથમાંથી ઝૂંટવી લીધો. જે માટે આટલું બધું નાટક કર્યું માબાપને બનાવ્યાં, છતાં સુનંદાના સમાગમનું સુખ તો દૂર જ રહ્યું અને ઉપરથી અકાળે રીબાઈ રીબાઈને મર્યો અને સુનંદાના ગર્ભમાં જઈ બેઠો.

આ બાજુ કૌમુદી-મહોત્સવ પતી ગયો. રાજા-રાણી અને નગરજનો પાછા નગરમાં આવી ગયા.

સુનંદા રાજકુમારીને જુગારીથી જે ગર્ભ રહેલો તે ધીરે ધીરે વૃદ્ધિ પામવા લાગ્યો. પેટનો વિસ્તાર વધ્યો એટલે સુનંદાની માતાને વહેમ પડ્યો એટલે ખાનગીમાં સુનંદાને પૂછ્યું કે-હે બેટી ! જે સત્ય હોય તે સ્પષ્ટ કહી દે. માતનો આ જાતનો પ્રશ્ન થતાં જ સુનંદા માતાના ખોળામાં માથું મૂકીને ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી. માતાએ તેને આશ્વાસન આપ્યું કે તારે ગભરાવાની કાંઈ જરૂર નથી. જે થવાનું હતું તે થઈ ગયું. તેં તારી ભૂલ કબૂલ કરી તેથી મને સંતોષ થયો છે. હવેથી આવી ગંભીર ભૂલ ન થાય તેનો પૂરો ખ્યાલ રાખવો. હવે તારી, અમારી અને કુલની આબરૂ બચાવવા તારે ગર્ભપાત કરાવવો પડશે. સુનંદા માતાની વાતમાં સંમત થઈ એટલે ખાનગીમાં રાજવૈદ્યને બોલાવી બીનાની બધી વાત કરી, એટલે વૈદ્યરાજે સુનંદાને ગર્ભપાત માટેનાં ઔષધો ખાવા આપ્યાં. તે ઔષધો

ખાવાથી ત્રણ મહિનાનો જે ગર્ભ હતો તે ગળી ગયો. સુનંદા અને રાજમાતા નિશ્ચિંત થઈ ગયા.

હવે રાજમાતાને લાગ્યું કે સુનંદા ભરયૌવનમાં આવેલી છે. જુવાની દીવાની છે. એકવાર તો તેને જુવાનીએ દીવાની બનાવી છે માટે જેમ બને તેમ સુનંદાનો જલ્દી વિવાહ કરી નાંખવો જોઈએ. સુનંદાની માતાએ સુનંદાના પિતા સાથે મસલત કરી લીધી, પછી સુનંદાના પિતાએ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજાની સાથે સુનંદાનું ધામધૂમથી લગ્ન કરી નાંખ્યું. સુનંદા હવે સાસરિયામાં આવી. રાજાએ તેને પટ્ટરાણીના પદ પર આરુઢ કરી. રાજાની માનીતી રાણી બનીને રાજા સાથે વિષયવિનોદ કરતી પોતાનો સમય સુખપૂર્વક પસાર કરી રહી છે.

આ બાજુ રૂપસેનનો જીવ સુનંદાના ગર્ભમાં આવેલો તે રીબાઈ રીબાઈને મરીને સાપણના ગર્ભમાં આવ્યો અને કાળક્રમે સર્પ તરીકે જન્મ્યો. ક્રમશઃ આ સર્પ મોટો થયો અને ગરમીની મોસમ હોવાથી બહાર ઉદ્યાનમાં ફરતો ફરતો પહોંચ્યો. તે ઉદ્યાનમાં તે જ દિવસે કુદરતી રાજા-રાણી પણ ફરવા આવેલા છે. સર્પની નજરમાં સુનંદા રાણી આવી ગઈ. ગત જન્મની વાસનાના યોગે સુનંદાને જોઈને ગાંડોઘેલો બની ગયો. અને પોતાની ફણા ઊંચી કરીને સુનંદાને ભેટવા દોટ મૂકી. પોતાની સામે ધસમસતો સાપ આવતો જોઈને સુનંદારાણી ખૂબ

ગભરાઈ ગઈ અને મોટેથી ચીસ પાડી. તેથી અંગરક્ષકો હાથમાં નાગી તલવાર લઈને સર્પ પર તૂટી પડ્યા અને સાપના શરીરના ટૂકડે ટૂકડા કરી નાખ્યા. પણ તે સાપની વાસનાનાં ટૂકડા ન થયાં. માનવજીવનમાં આવીને પાડેલા સારા કે નરસા સંસ્કારો અનેક જન્મો સુધી જીવની સાથે ને સાથે આવે છે. કરેલી એકાદ ભૂલ પણ જીવને અનેક ભવોમાં ભટકાવે છે કરેલું એકાદ પાપ પણ સેંકડો દુઃખોને જન્મ આપે છે. પાડેલી એકાદ ખરાબ વાસના જીવને અનેક જન્મો સુધી જીવને પાડે છે. માટે મનુષ્યે આત્મામાં કોઈ ખોટો સંસ્કાર ન જાય પડી તે માટે સતત જાગૃત રહેવાની જરૂર છે. બધી વાસનાઓમાં સ્ત્રીવાસનામાં ખરાબમાં ખરાબ અને સઘળીએ વાસનાઓનું મૂળ છે. સ્ત્રીવાસના ગઈ એટલે બધીયે વાસનાઓ ભાગી સમજો. બધી વાસનાઓનું જોર સ્ત્રીવાસના પર નિર્ભર છે. સ્ત્રીવાસના દેવોને પણ સતાવે, મનુષ્યને પણ સતાવે અને પશુ-પંખીને પણ સતાવે, સ્ત્રીવાસનાની સતામણી બહુ ભારે.

સુનંદાના રૂપ અને સૌંદર્યની વાસનામાં અંધ બનેલો રૂપસેન દેવદુર્લભ માનવભય ગુમાવી અકાળે કમોતે મર્યો. ત્યાંથી સુનંદાના ગર્ભમાં પણ સુખપૂર્વક રહેવા ન પામ્યો. ખારા અને કડવા ઔષધોથી રીબાઈ રીબાઈને મર્યો. ત્યાંથી સર્પના જન્મમાં પણ સુનંદાના રૂપ અને સૌંદર્યમાં અંધ બનીને તેણીને આલિંગન કરવા દોડ્યો ત્યાં જ અંગરક્ષકોની તલવારથી મૃત્યુને શરણે થયો.

રૂપસેનનો જીવ સર્પ મટીને ચોથા ભવમાં કાગડો થયો. ક્રમશઃ મોટો થયો. એક વાર નગરમાં અહીં તહીં ભટકતાં ભટકતાં રાજાના બગીચામાં આવેલા એક ઊંચા ઝાડ પર જઈ બેઠો. ત્યાં બેસીને ઝાડના ફળો ખાતો જાય છે ને અહીં તહીં ડોળા ફેરવ્યા કરે છે. તે અવસરે યોગાનુયોગ રાજાએ આ બગીચામાં સંગીતપાર્ટીનો પ્રોગ્રામ રાખેલો છે. રાજા-રાણી, રાજ પરિવાર અને નગરના આમંત્રિત સદ્ગૃહસ્થો આ સંગીતપાર્ટીમાં આવીને પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા છે. સંગીતસમ્રાટો પોતાના સૂરીલા સૂરોથી શ્રોતાઓના શ્રોત્ર અને હૃદયને મોહિત કરી રહ્યા છે. તે ટાણે ઝાડ પર બેઠેલા પેલા કાગડાને પણ જાણે તાન ચઢ્યું હોય તેમ તે પણ સંગીતકારોની સાથે કા-કા-કૌ-કૌ કરવા લાગ્યો. તેથી રંગમાં ભંગ પડતો લાગવાથી રાજાએ આ કાગડાને ઉડાડવા ઘણા પ્રયત્નો કર્યા-કરાવ્યા છતાં ઊડતો નથી. તેથી ગુસ્સામાં આવીને રાજાએ ધનુષ્ય પર બાણ ચઢાવીને તેને વીંધી નાંખ્યો. ઝાડ પરથી તરફડતો તરફડતો નીચે પટકાયો. ઊડ્યો કેમ નહિ ? તેની ખબર છે ?

આ કાગડાએ ઝાડ પર બેઠા બેઠા રાજાની બાજુમાં બેઠેલી દેવાંગના જેવી સુનંદાને જોઈને તેના રૂપ પર મોહિત થયેલો અને તેથી તાકી તાકીને તેના મોંઢા સામે જ જોયા કરે છે. તેને સુનંદા સિવાય બીજું કાંઇપણ દેખાતું નથી. તેની દુનિયામાં અત્યારે સુનંદા સિવાય કોઈ નથી. કામાંધ કાગડો

સુનંદારાણીના મોંઢા તરફ તાકી તાકીને જોઈને મનમાં ખૂબ જ હરખાય છે. તેથી ભાન ભૂલેલા કાગડાને રાજાનું બાણ પણ દેખાયું નહિ. તેથી બાણથી વીંધાયો, પણ તેની સુનંદાના શરીરની વાસના વીંધાઈ નહિ; તેની વાસના સાથે મરીને પાંચમા ભવમાં હંસ થયો. વાસના સાથે મૃત્યુ એટલે જીવની દુર્ગતિ અને વાસનાને મૂળથી મારીને મૃત્યુ એટલે જીવની મોક્ષગતિ. (વાસના એ જ સંસાર છે. વાસનામુક્તિ એ જ મોક્ષ છે.) વાસનાના કારણે જ જીવાત્મા વારંવાર વિવિધ વિપત્તિઓનો ભોગ બને છે. આ વાસના જાય તો વિપત્તિઓનો વિનાશ થાંય. આ વાસના જ જીવને અનાદિ કાળથી દુઃખ દેતી આવી છે. વાસનાના ગુલામો જ વારંવાર દુઃખ અને દુર્ગતિના શિકાર બને છે. જો જીવનમાં સાચા જ્ઞાનનો ઉદય થાય તો જ વાસના જાય. જ્યાં વાસનાનો વાસ ત્યાં દુઃખનો વાસ. જ્યાં ભાવનાનો વાસ ત્યાં સુખનો વાસ. જ્યાં સુધી ભાવનાનો વાસના પર વિજય થયો નથી, ત્યાં સુધી સુખ આવતું નથી. અને દુઃખ જતું નથી. જ્ઞાનની એક ચિનગારી જો વાસના પર પડી જાય તો વાસના મૂળથી સળગીને રાખ બની જાય. વાસનાક્ષય માટે જરૂર છે સાચી જ્ઞાનદૃષ્ટિની. સાચી જ્ઞાનદૃષ્ટિ મળે સદ્‌ગુરુની કૃપાથી. સદ્‌ગુરુ આપે સાચી જ્ઞાનદૃષ્ટિ-સાચી જીવનદૃષ્ટિ.

રૂપસેનનો જીવ હંસ ક્રમશઃ મોટો થયો. એક વાર આ હંસ ફરતો ફરતો જ્યાં રાજા રાણી ઉદ્યાનમાં ઉસ્તાદ

ગવૈયાઓના મધુર ગીતગાન સાંભળવામાં મશગુલ છે ત્યાં આવ્યો. આવીને વડના ઊંચા ઝાડ પર બેસી ગયો. આસપાસ નજર કરતાં તેની નજરમાં સુનંદારાણી આવી ગઈ. તેને જોઈને મોહિત થઈ ગયો. તેને વારંવાર જોઈને મનમાં ખૂબ જ મલકાય છે. કેવું સરસ તેનું પૂર્ણિમાના ચાંદ જેવું મોઢુ છે ? કેવાં તેનાં સુંદર મૃગ જેવાં નેત્રો છે ! આમ તેનાં રૂપ અને સૌંદર્યને જોવામાં અંધ બનીને બેઠો છે તેવામાં ક્યાંકથી આવીને એક કાગડો તેની પાસે જ ઝાડ પર બેસી ગયો. આ વડના ઘટાદાર ઝાડ નીચે જ રાજા અને રાણી બેઠેલા છે. સફેદ દૂધ જેવાં ઉજ્જવળ કપડાં પહેરી બેઠેલા રાજા પર જ કાગડો ચરક્યો. રાજાના કપડા પર જ વિષ્ટા નાંખીને કાગડો ત્યાંથી તુરત ઊડી ગયો. કપડાં પર વિષ્ટા પડતાં જ રાજાનો પિત્તો ગયો. ક્રોધથી ધમધમી ઉઠ્યો. જે વસ્તુ પર ખૂબ રાગ હોય તે વસ્તુને કોઈ બગાડે કે નુકશાન કરે તો તેના પર ક્રોધ થાય જ. વસ્તુ કે વ્યક્તિનો રાગ જ ક્રોધથી જડ છે.

રાજાને પોતાના શરીરના અને કપડાનો રાગ હતો તેથી વડના ઝાડ પર બેઠેલા હંસ પર કોપાયમાન થઈ ગયો. જુઓ ! અહીં હંસનો કાંઈ પણ ગુનો છે ? હંસ સાવ નિર્દોષ છે, રાજાનો ગુનો કરનાર તો કાગડો છે, પણ તે ગુનો કરીને ગુમ થઈ ગયો છે. તેથી હાથમાં આવ્યો તે ચોર એ ન્યાયે રાજાએ ધનુષ્ય પર બાણ ચઢાવીને હંસને વીંધી નાંખ્યો. તીક્ષ્ણ બાણ

વાગતા હંસ તરફડતો તરફડતો નીચે પડ્યો. તે વખતે સંગીતપાર્ટીમાં આવેલા સભ્યોએ રાજાને કહ્યું કે મહારાજા ! અપરાધ કર્યો કાગડાએ અને આપે સજા કરી બિચારા હંસને ! ત્યારે વચમાં એક સભ્ય બોલ્યો કે નીચની સંગતિનું આવું જ ફળ આવે. પછી રાજાને પણ હંસ પર ખૂબ જ કરુણા આવી પણ હવે શું થાય ? છેવટે અકાળે-કમોતે હંસ મરી ગયો. પણ તેની વાસના ન મરી તેથી મરીને જંગલમાં હરણ થયો. વાસના જ પ્રાણીને એક યોનિમાંથી બીજી યોનિમાં ભટકાવે છે ને ?

રૂપસેનનો જીવ હરણ માતાનું સ્તનપાન કરતો સુખપૂર્વક પોતાની બાલ્યવય પસાર કરી રહ્યો છે. ક્રમશઃ યૌવનવયમાં આવ્યો. બીજાં હરણનાં ટોળાઓ સાથે વનમાં ભમે છે અને જંગલનું ઘાસ અને ઝરણાનું મીઠું પાણી પીને સંતુષ્ટ થયેલો સુખપૂર્વક પોતાનો સમય પસાર કરી રહ્યો છે.

એક વાર સુનંદાએ પોતાના પતિ રાજાને કહ્યું કે હે સ્વામિ ! તમે જ્યારે જંગલમાં શિકાર માટે જાઓ છો ત્યારે અતિચંચળ ગતિવાળા અને મનુષ્યને જોતાં જ પલાયન થઈ જતાં હરણોને કેવી રીતે વશ કરી તેઓનો શિકાર કરો છો ? રાજાએ કહ્યું કે હે પ્રિયે ! હું જ્યારે જંગલમાં શિકાર માટે જાઉં છું ત્યારે સાથે ઉસ્તાદ સંગીતકારોને લઈને જઉં છું. ત્યાં ગાઢ જંગલમાં ઝાડ નીચે બેસીને સંગીતકારો મધુર સ્વરથી

ગાય છે, ત્યારે ગીતપ્રિય એવાં હરણિયાં દૂર દૂરથી ત્યાં આવીને સંગીત સાંભળવામાં તલ્લીન બની જાય છે. નિર્ભય થઈને સંગીત સાંભળતાં હોય છે તે વખતે અમે તેઓને જીવતાંને જીવતાં પકડી લઈએ છીએ. પછી નગરમાં લાવી તેઓને મારીને માંસ પકાવીને ખાઈએ છીએ. મૃગનું માંસ મીઠું લાગે છે. સુનંદારાણીએ કહ્યું કે નિરપરાધી અને નિરંતર મોંઢામાં તૃણ રાખીને ફરતાં હરણોને મારવામાં શું લાભ ! રાજાએ કહ્યું-અમારો રાજ ધર્મ છે. તે હરણિયાં અમારા રાજ્યની હદમાં આવેલું ઘાસ ખાય છે અને પાણી પીવે છે, પરંતુ તેના બદલામાં તેઓ અમને કાંઈ પણ આપતાં નથી; તેથી અમારાં અપરાધી તે હરણિયાંને કેમ ન મારીએ ? તેમાં અમને દોષ નથી, પણ લાભ જ છે.

આ પ્રમાણેની રાજાની વાત સાંભળીને અજ્ઞાનવશ સુનંદાએ સાચી માની લીધી. મિથ્યાત્વના ઉદયે તદ્દન ખોટી વાત પણ સાચી લાગે અને તદ્દન સાચી વાત પણ તદ્દન ખોટી લાગે. જેના કાન જિનવાણીથી પવિત્ર થયા નથી તેને પરમાર્થની (સત્યની) પ્રાપ્તિ ક્યાંથી થાય ? પરમાત્માની વાણી જ પરમાર્થ પ્રાપ્તિનું પરમ સાધન છે.

સુનંદાએ રાજાને કહ્યું કે હે પ્રાણનાથ ! મને પણ તે શિકાર જોવાની ઈચ્છા થઈ છે તો જ્યારે આપ શિકાર માટે જંગલમાં જાઓ તે વખતે મને પણ સાથે લઈ જશો. રાજાએ કહ્યું સારું.

એક દિવસે રાજાને શિકારે જવાનું મન થયું. તેથી રાણીને કહ્યું કે જો તારે શિકાર જોવાની ઈચ્છા હોય તો ચાલ. રાણી તૈયાર થઈ ગઈ. રાજા-રાણી સૈન્ય અને સંગીતકારોને સાથે લઈને જંગલમાં પહોંચ્યાં. ત્યાં એક તોતીંગ વૃક્ષની છાયામાં મુકામ કરીને સંગીતકારોને રાજાએ આજ્ઞા કરી કે તમે તમારી સંગીત કલાથી હરણનાં ટોળાંઓને અહીં લાવો. રાજાની આજ્ઞા થતાં સંગીતનિષ્ણાતોએ પોતાની કળા વડે હરણનાં ટોળાંઓને ત્યાં લાવ્યા. તે જોવા ઘોડા પર બેસીને રાજારાણી ત્યાં ગયાં. રાણીએ જોયું તો એક ધ્યાનથી ઊભાં ઊભાં હરણનાં ટોળાં સંગીત સાંભળી રહ્યાં છે. હાથથી પકડવાં હોય તો પણ પકડી શકાય એવી રીતે નિર્ભય થઈને સંગીતનો રસ પી રહ્યાં છે. આ હરણના ટોળામાં ભવિતવ્યતાના યોગે રૂપસેનનો જીવ-જે હરણ થયેલો છે તે પણ આવેલો છે. પણ તેનું ચિત્ત સંગીત સાંભળવામાં નથી, પણ સુનંદારાણીમાં છે. તેથી રાણીને જોઈને નાચે છે, એકીનજરે તેને જુવે છે અને ખૂબ હરખાય છે.

રાજાની આજ્ઞાથી સંગીતકારોએ સંગીત સમાપ્ત કર્યું એટલે બીજાં બધાં હરણિયાં તો જુદી જુદી દિશાઓમાં તુરત ભાગી ગયાં, પણ રૂપસેનનો જીવ-હરણ તો સુનંદાનું સૌંદર્ય જોતો ત્યાં જ ઊભો રહ્યો. રાજાએ હૃષ્ટપુષ્ટ શરીરવાળા આ હરણને બાણથી વીંધી નાંખ્યો. તેથી જમીન પર પટ કાઈ પડ્યો. માંસલોલુપી રાજાએ રાણીને કહ્યું કે આનું માંસ ખાવાની મજા પડશે.

આ હરણ મરીને વિંધ્યાચલની અટવીમાં હાથી તરીકે ઉત્પન્ન થયો. રાજાએ પછી મરેલાં હરણનાં શરીરને નોકરો દ્વારા પોતાના મહેલમાં મંગાવ્યું. રસોયઓને બોલાવી રાજાએ કહ્યું કે આ હરણના માંસને બહુ સરસ રીતે રાંધજો, તેમાં વિવિધ સ્વાદિષ્ટ મસાલાઓ નાંખીને રાંધજો. પછી ઘીથી તળીને તે માંસપાકને સોનાના સુંદર થાળમાં ભરીને લાવજો. અમે હમણાં આ મહેલની પાછળના ઉદ્યાનમાં બેઠા છીએ. રાજાએ બીજા મંત્રીઓ, સભ્યોને પણ ભોજન માટે આમંત્રણ આપેલું છે, તેથી તેઓ પણ આવ્યા છે.

માંસપાક તૈયાર થયો એટલે રસોયાએ સોનાના થાળમાં તેને ભરીને રાજા-રાણીની આગળ ખાવા માટે મૂક્યો. તેમાંથી રાજાએ મંત્રીઓ અને સભ્યોને પણ તે માંસપાક ખાવા આપ્યો. પછી રાજા-રાણી બંને આનંદથી માંસપાક ખાવાં લાગ્યાં. ખાતાં ખાતાં તેની વારંવાર પ્રશંસા કરે છે કે આ માંસ તો અતિ સ્વાદિષ્ટ છે, પહેલાં પણ ઘણીયે વાર માંસ ખાધું, પરંતુ આની તોલે ન આવે. આનો તો સ્વાદ જ કોઈ જુદો છે.

આનું નામ જ પાપરસ. કે એક બાજુ પાપ કરવું અને પછી તેની પુનઃ પુનઃ પ્રશંસા કરવી. પાપની પ્રશંસાથી પાપ પુષ્ટ થાય છે અને ધર્મની પ્રશંસાથી ધર્મ પુષ્ટ થાય છે. પરંતુ વિષયાંધ જીવોને પાપનો કે દુર્ગતિનો ભય હોતો નથી. તેઓને તો પોતાનો પ્રિય વિષય મળી ગયો એટલે તેની પ્રશંસા કરવા મંડી પડે છે.

જે વખતે રાજરાણી મજેથી હરણનું માંસ ખાઈ રહ્યાં છે તે જ અવસરે ત્યાં ત્રિકાળજ્ઞાની બે મુનિઓ ભાગ્યયોગથી પધાર્યા. પોતાના જ્ઞાનથી એક મુનિએ વિચિત્ર ઘટના જોઈને બીજા મુનિને કહ્યું કે કેવી કર્મની વિચિત્રતા છે ? માત્ર મનથી પણ બાંધેલા પાપોનું કેવું ભયંકર પરિણામ આવે છે ! ભવે ભવે પાપનાં દારુણ પરિણામ ભોગવવા છતાં તેનો ક્ષય થતો નથી અને અકાલે મરણને પ્રાપ્ત કરે છે. બીજું જેની ખાતર આ જીવ (રૂપસેનનો જીવ) જન્મે જન્મે કેવી ભયંકર વેદનાઓ ભોગવે છે અને આ લોકો તેનાં જ માંસની મજેથી મહેફીલ ઉડાવી રહ્યા છે ! ખરેખર ! આ સંસારના પ્રાણીઓ સ્વાર્થી અને મોહાંધ છે. આ સંસારના કાલ્પનિક અને ક્ષણિક સુખને ધિક્કાર છે ! જેને ખાતર સંસારી જીવો ન કરવાં જેવાં ભયંકર કોટિના પાપો કરે છે. આ પ્રમાણે બોલી મુનિઓ માથું ધુણાવી ચાલવા જાય છે ત્યાં રાજાની નજર મુનિઓ પર પડી. તેથી મુનિઓને ઊભા રાખી રાજાએ પૂછ્યું કે હે મહાત્માઓ ! તમે માથું કેમ ધુણાવ્યું ? શું અમે માંસભક્ષણ કરીએ છીએ તેની ધૃણાથી કે કોઈ બીજા કારણથી ? તે કહો. સાથે સાથે હું વાત સ્પષ્ટ કરી દઉં કે, અમારા કુલમાં માંસ ખાવાની પરંપરા ચાલી આવે છે. તેથી અમે માંસ ખાઈએ છીએ. તેમાં આપના જેવા મહાત્માઓ વિના કારણે હસે નહિ અને ધૃણા કરે નહિ. માટે જે સત્ય હકિકત હોય તે કહો. ત્યારે એક

મુનિ બોલ્યા કે હે રાજન્ ! તમે કહ્યું કે અમારા કુલમાં માંસ ખાવાનો રિવાજ છે તે તો અમે જાણીએ છીએ. અનાદિકાળથી વિષયવાસનાને વશ પડેલો જીવ શું શું નથી કરતો ? ઈન્દ્રિયોનો ગુલામ બનેલો જીવ અઢારે પાપસ્થાનકોને મજેથી આચરે છે. અજ્ઞાન જીવ વિષયસુખને જ સાચું સુખ માની બેઠો છે. તેને વિષયસુખના ત્યાગમાં જ સાચું સુખ છે તેની કલ્પના પણ આવતી નથી. તેને તો દુઃખદાયી વિષયસુખમાં જ સુખ બુદ્ધિ હોય છે. વિષયજન્મ સુખના અવગુણોને પણ ગુણરૂપ ગણે છે. વિષયભોગના ભાવિ દુઃખદ પરિણામનો તેને જરાયે વિચાર નથી હોતો. એટલે વિષયાંધ બની કાર્યાકાર્યનો, ભક્ષ્યાભક્ષ્યનો, પેયાપેયનો, ગમ્યાગમ્યનો વિચાર સુધ્ધાં પણ તે કદીયે કરતો નથી. તેની નજરમાં માત્ર તેને માનેલું વિષયસુખ જ રહે છે. જેણે આત્માને ઓળખ્યો નથી, જેને આત્મચિંતા નથી, જેણે દેહને જ આત્મા માની લીધો અને દેહના સુખને જ સાચું સુખ માની લીધું એવા પામર જીવો આ સંસારની ગતિ અને ચોરાસી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરે એમાં શું નવાઈ છે ?

બીજું, હે રાજન્ ! પાપ કરવાના વિચાર માત્રથી પણ જીવ આ સંસારમાં કેટલું બધું દુઃખ પામે છે તે જ્ઞાનથી અમે જોયું તેથી માંથુ હલાવ્યું છે. તે સિવાય શિર હલાવવાનું અમારે બીજું શું પ્રયોજન હોઈ શકે ?

ACHA... MANDIR

મુનિની વાત સાંભળીને રાજાને જાણવાની જિજ્ઞાસા જાગી. તેથી રાજાએ મુનિને પૂછ્યું કે મન માત્રથી પાપ કયા જીવે કર્યું અને તેનું ભયંકર ફળ કેવી રીતે ભોગવ્યું તે જણાવવા કૃપા કરો. જેથી અમારા જેવા અજ્ઞાન જીવો પર કંઈક ઉપકાર થાય.

મુનિએ રાજાને કહ્યું કે આ સંસારમાં ઘણા અજ્ઞાની જીવો તો તંદુલિયા મત્સ્યની માફક નિરર્થક પાપના માત્ર વિચારો કરી કરીને જ નરકાદિ દુર્ગતિમાં જાય છે. ભલે કાયા કે વચનથી કંઈ પણ પાપ ન કર્યું હોય. મુનિરાજે રાજાને નરક-નિગોદના દુઃખોનું સ્વરૂપ કહી બતાવ્યું. તેથી રાજા ચમક્યો અને કહેવા લાગ્યો કે તો મારા જેવા મહાપાપી આત્માનું શું થશે ? મેં તો મન, વચન અને કાયાથી જીવવધ, માંસાહાર, શરાબ, પરસ્ત્રીગમન જેવાં ભયંકર પાપો કર્યા છે. માટે કૃપા કરીને અહીં પધારો અને આ આસનને પાવન કરીને અમારો ઉદ્ધાર થાય એવો ઉપદેશ આપો.

જોકે મારે રસ્તે જતા એવા આપને રોકવા અનુચિત છે, છતાં સજ્જનો કૃપાળુ હોય છે. બીજાઓ પર ઉપકાર થતો હોય તો પોતાનો સ્વાર્થ જતો કરીને પણ પર ઉપકાર કરે છે. परोपकाराय सतां विभूतयः । માટે હું આપને બે કર જોડી પ્રાર્થના કરું છું કે આપ અમારો ઉદ્ધાર કરવા સમર્થ છો; તેથી અમારા જેવા મહાપાપીઓને પાવન કરવા ધર્મોપદેશ આપો.

મુનિ પણ લાભ જાણી ત્યાં રાજાએ આપેલા આસન પર બેસીને શાસ્ત્રાનુસારી શૈલીથી સંસારનું અસાર સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ, પાપ-પુણ્યનું સ્વરૂપ, સ્વર્ગ-નરકનું સ્વરૂપ, કર્મબંધના હેતુઓ, કર્મનિર્જરાના હેતુઓ, માનવજીવનની દુર્લભતા, માનવજીવનનું કર્તવ્ય, વિષયકષાયના સેવનના ભયંકર પરિણામો વગેરેનું એવું સુંદર વર્ણન કર્યું કે રાજા-રાણી બંને તરત મોહનિદ્રામાંથી જાગ્રત થઈ ગયાં, થયેલાં પાપોનો ઘોર પશ્ચાતાપ કરવા લાગ્યાં અને આંખમાંથી બોર બોર જેવડાં આંસુ પાડવા લાગ્યાં.

કરેલાં પાપોનો ઘોર પશ્ચાત્તાપ ન થાય ત્યાં સુધી માણસ ધર્મના માર્ગ પર આવ્યો ન કહેવાય. પાપનો સાચો પશ્ચાત્તાપ એ જ ધર્મ પામવાની લાયકાત છે. પશ્ચાત્તાપના પુનિત ઝરણામાં ડૂબકી મારીને ભયંકર કોટિના પાપીઓ પણ પાવન થઈ ગયા અને પરમપદના ભોક્તા બની ગયા. અને પાપના પશ્ચાત્તાપ વગરના બહારથી મોટા મોટા ધર્મી દેખાતા ભવસાગરમાં ડૂબી ગયાં.

રાજા-રાણી બંનેને થયેલા ભયંકર પાપો માટે ઘોર પશ્ચાત્તાપ કરતા જોઈને મુનિએ કહ્યું કે હજુ કાંઈ બાજી હાથમાંથી ગઈ નથી. આયુષ્યનો સૂર્ય તપે છે. ત્યાં સુધી કરેલા પાપોને ખતમ કરવાનો અવસર છે. માટે ધર્મ માટે જાગૃત બનીને ત્રિવિધ યોગથી ધર્મની આરાધનામાં લાગી જાઓ તો દૃઢપ્રહારી, ચિલાતીપુત્રની જેમ તમારો પણ આ ભવસાગરથી

ઉદ્ધાર થઈ જશે. હજુ તમારું બંનેનું પરભવનું આયુષ્ય બંધાયું નથી તેથી દુર્ગતિમાં જ જઈશું એવી ચિંતા કરવાની જરૂર નથી. જરૂર છે હવે જોરદાર અહિંસા, સંયમ, અને તપની સાધનાની. જેટલા પાવરથી-રસથી પાપ કર્યું છે, વિષયરસ ચાખ્યો છે તેથી અધિક પાવરથી-રસથી હવે ધર્મસાધનામાં કૂદી પડો. ગમે તેવાં કરેલાં પાપો પ્રબળ ધર્મની આરાધનાથી ખતમ થઈ જાય છે. માટે જાગ્યા ત્યારથી સવાર ગણી સમયનો પણ પ્રમાદ કર્યા વિના દાન શીલ, તપ, અને ભાવ ધર્મની આરાધનામાં એક ચિત્ત બની જાવ. માત્ર પાપનો ડર રાખવાથી ન ચાલે, સાથે જોરદાર મોક્ષલક્ષી ધર્મસાધના કરવી જોઈએ. તેની ખાતર સાંસારિક સુખોનો ત્યાગ કરવો પડે, ભોગ અને પરિગ્રહની પાથરેલી સુંવાળી પથારી સમેટી લેવી પડે, તપ અને તિતિક્ષાની તીક્ષ્ણ-ધારદાર તલવાર પર ચાલવું પડે, સાધનામાં આવતાં કષ્ટોને પરમ મિત્ર માની સહર્ષ આવકારવાં પડે, વિષય-કષાયની દોસ્તી છોડવી પડે, અનુકૂળતાનો રાગ તજવો પડે, સંયમ અને સ્વાધ્યાયને જીવનના સાથી બનાવવા પડે. ઈન્દ્રિયોને અને મનને વશમાં રાખવાં પડે, બ્રહ્મચર્યવ્રતનું નિર્મળ પાલન કરવું પડે. માટે હે રાજન્ ! સાવધાન બનીને યથાશક્તિ ધર્મનુ આચરણ કરો.

વચ્ચે રાજાએ કહ્યું કે-હે ગુરૂદેવ ! આપે અમને ઘણો જ સુંદર ઉપદેશ આપ્યો, પણ જે હેતુ માટે મેં આપને અહીં રોક્યા તે વાતનો ખુલાસો તો આપે કર્યો નહિ, માટે કૃપા કરીને તે વાતનો ખુલાસો કરવા કૃપા કરો.

મુનિએ કહ્યું - હે રાજન્ ! કર્મની ગતિ વિચિત્ર છે. પ્રબળ કર્મના ઉદય આગળ ભલભલાનું પણ કાંઈ ચાલતું નથી. ઉત્તમ કુલમાં જન્મેલા પણ ખરાબ નિમિત્તવશ પાપમાં પડે છે. તેવા પ્રકારના નિકાચિત અશુભ કર્મના ઉદયે જીવોની બુદ્ધિ બગડી જાય છે તેથી ઉત્તમ કુલમાં જન્મેલા જીવો પણ કુકર્મ કરવા પ્રેરાય છે. ઘણીવાર કહેનાર પર પણ વિશ્વાસ ન આવે. ઉલ્ટું સત્ય કહેનાર ઉપર દ્વેષ જાગે. ઘણીવાર પ્રબળ પુણ્યનો ઉદય હોય તો કરેલું પાપ પ્રગટ થતું નથી. અને કોઈને ખબર પણ પડતી નથી. પરંતુ અમે અમારા ગુરુનાં ચરણોની કૃપાથી કરેલા ગુપ્ત પાપને જાણ્યું છે. પરંતુ તે કહેવા જતાં સામી વ્યક્તિનું કદાચ દિલ દુભાય અથવા શરમાય અથવા તેના સંબંધીઓ તેનું પાપ સાંભળી તેના પ્રત્યે સ્નેહહીન બને, દ્વેષ-ભાવવાળા બને અને કદાચ મારપીટ પણ કરે, તેથી મહાન અનર્થ થાય, તેથી કહેવા કરતાં ન કહેવું સારું ! ત્યારે વચમાં સુનંદારાણી બોલી કે હે ભગવંત ! બધાં સંસારી જીવો કર્માધીન છે. કરેલા પાપોનો ક્ષય ભોગવ્યા વિના અથવા ધર્મ કર્યા વિના થતો નથી. એવી અમારી પાકી શ્રદ્ધા છે. અશુભ કર્મના ઉદયે જીવો અકર્તવ્ય કરે છે, પરંતુ કરેલાં અકર્તવ્યનો પશ્ચાત્તાપ કરવો જોઈએ અને ભવિષ્યમાં અકર્તવ્ય નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ. આટલી વાત આપશ્રીના ઉપદેશથી સમજાઈ છે. હવે આપ મનથી માત્ર કરેલા પાપનું ફળ કહેવા કૃપા કરો. મુનિએ કહ્યું કે કદાચ હું કહું અને તમને જ લાગુ પડે એમ હોય અને તમને અમારા પર કદાચ અપ્રીતિ થાય, માટે જો

તમને અપ્રીતિ ન થાય અને તમારા સ્વામી-રાજા તમને અભય દાન આપે તો સવિસ્તર કહું. ત્યારે રાણીએ કહ્યું કે હે ભગવંત ! આપ તો અમારા ઉપકાર માટે કહેશો તેથી અપ્રીતિ કરવાનું કંઈ પણ કારણ નથી. સાથે રાજાએ પણ મુનિને કહ્યું કે આપ જે વાત હોય તે સ્પષ્ટ કહો. મારા તરફથી મારી રાણીને જીવિતદાન છે.

આટલી ભૂમિકા કરીને હવે ત્રિકાળજ્ઞાની મુનિ સુનંદા અને રૂપસેનના પ્રણય સંબંધથી માંડીને રૂપસેનનો જીવ મરીને સુનંદાના ગર્ભમાં આવ્યો, ત્યાંથી મરીને સર્પ થયો, ત્યાંથી મરીને કાગડો થયો, ત્યાંથી મરીને હંસ થયો અને હંસમાંથી હરણ થયો અને તેનો શિકાર કરીને તમે તેનું માંસ પકાવેલું મજેથી ખાઈ રહ્યાં છો ત્યાં સુધીની બધી વાત ખુલાસાવાર મુનિએ કરી. પછી મુનિએ સુનંદારાણીને પૂછ્યું કે બોલો ! આ અમારી વાત સત્ય કે અસત્ય ? ત્યારે સુનંદા આંખમાંથી આંસુ પાડતી બોલી કે હે કૃપાળુ ! આપની વાત અક્ષરસઃ સાચી છે. મેં ભયંકર પાપ કર્યું છે. માટે હવે મારા દુષ્કૃત્યનો નાશ થાય એવો ઉપાય પણ બતાવો જેથી તે ઉપાયને આચરીને હું જલ્દી પાપમુક્ત થાઉં ! મેં અજ્ઞાન દશામાં કૌમાર્યવ્રતનો ભંગ કર્યો, પાપ છુપાવવા ગર્ભપાત કરાવી બાળહત્યા કરી. બીજું મારા નિમિત્તે રૂપસેનના કેવા ભુંડા હાલ થયા તે જાણીને રાણી થર થર ધ્રૂજવા લાગી. રાણીને અત્યારે મુનિના કહેવાથી ખબર પડી કે મારા મહેલમાં રૂપસેન નહિ, પણ જુગારી

આવેલો અને મારા મહેલ પર રાતના આવતા રસ્તામાં જ દુકાનની દીવાલ પડવાથી દટાઈને રૂપસેન મરી ગયો.

રાણી મુનિને પૂછે છે કે હે ભગવન્ ! તે રૂપસેનનો જીવ હરણ મરીને ક્યાં ઉત્પન્ન થયો ? મુનિ કહે વિન્ધ્યાચલની અટવીમાં હાથી તરીકે ઉત્પન્ન થયો છે. પછી મુનિએ રાજાને કહ્યું કે અમે આ પ્રમાણે જાણીને માથું હલાવ્યું છે. અમને એમ થયું કે એક પ્રેમી બીજા પ્રેમીને મજેથી ખાઈ રહ્યો છે. કેવી કર્મની વિચિત્રતા છે ?

આ પ્રમાણે મુનિનો ઉપદેશ સાંભળીને રાજા-રાણી બંને સંસારસુખથી વિરક્ત થયાં. પછી રાજાએ મુનિને પૂછ્યું હે મુનિરાજ ! શું સ્ત્રીઓમાં આસક્ત જીવોની જ દુર્ગતિ થાય છે કે બીજા પણ પાપોથી ? મુનિએ કહ્યું કે હિંસા, જુઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે અઢાર દોષોમાંથી કોઈ એકાદ દોષના સેવનથી પણ જીવ અનંતીવાર અનેકવાર નરક-નિગોદમાં ભમીને અનેક દુઃખોને પામે છે. આ સંસારમાં જીવ કોઈ વાર દેવ મટીને પશુ અને પશુ મટીને દેવ થાય છે. માતા મટીને પુત્રી, પુત્રી મટીને માતા, બહેન, બેટી થાય છે. પિતા મટીને પુત્ર, પુત્ર મટીને પિતા થાય છે. મિત્ર મટીને શત્રુ અને શત્રુ મટીને મિત્ર થાય છે. રાજા મટીને રંક અને રંક મટીને રાજા થાય છે. આ સંસારમાં જીવે ભટકતાં

ભટકતાં એકેક જીવ સાથે બધી જ જાતના સંબંધો અનંતી વાર બાંધ્યા છે. અને તે જીવોએ આપણી સાથે પણ બધી જ જાતના સંબંધો અનંતીવાર બાંધ્યા છે. આ સંસારમાં કોઈ એવી ગતિ, યોનિ, કુલ, જાતિ નથી કે જીવ ત્યાં અનંતીવાર જન્મ્યો-મર્યો ન હોય. હવે જો આવા દુઃખદ ભવપરિભ્રમણથી ભય લાગ્યો હોય તો વ્રતનું શરણ લેવું જોઈએ.

જો ભાગવતી દીક્ષા ન લેવાય અને લઈને બરાબર ન પળાય તો હજુ પણ સંસારમાં ભમવું પડે. અને વિવિધ યાતનાઓ ભોગવવી પડે. આ રાજ્યસુખ તો શરદઋતુના વાદળાં જેવું અસ્થિર છે અને ભવિષ્યમાં નરકાદિ ગતિનું કારણ છે. માટે હે રાજન્ ! હવે તને જેમ ઠીક લાગે તેમ કર.

આ પ્રમાણેની મુનિની વૈરાગ્યમય વાણી સાંભળી રાજા-રાણી અને બાજુમાં બેઠેલા સભ્યો બધાં જ વૈરાગી બન્યાં. પછી રાજા આસન ઉપરથી ઊઠીને મુનિના પગમાં પડીને કહે છે કે હે નિષ્કારણ બંધો ! હે દયાનિધે ! હે અનાથના નાથ ! હે અશરણના શરણ ! ભવકૂપમાં પડેલા એવા અમારો જલ્દી ઉદ્ધાર કરો. જો અહીં આપનું આગમન ન થયું હોય તો કોણ જાણે અમારી શું ગતિ થાત ? સુનંદારાણી પણ આંખમાંથી બોર-બોર જેવડા આંસુ પાડતી કહે છે કે હે કૃપાસિંધો ! દુરાચારી, કુકર્મ કરનાર એવી મારી હવે શું ગતિ થશે ? આ પાપથી હું કેવી રીતે મુક્ત થઈશ ? ત્યારે મુનિએ કહ્યું-તારાથી

પણ ભયંકર પાપ કરનારા જિનાજ્ઞાના પાલનથી મુક્તિને પામ્યા છે. માટે તું પણ દીક્ષા લઈને માનવભવને સફળ કર. સુનંદાએ મુનિરાજને કહ્યું કે જો મારા સ્વામી મને દીક્ષાની અનુમતિ આપે તો હું દીક્ષા લઈ કરેલા પાપોને ધોઈને પવિત્ર બનું.

રાણીની આ વાત સાંભળીને રાજા કહે છે હે પ્રિયે ! હું પોતે જ હવે દીક્ષા લેવા તૈયાર થયો છું તો હું બીજાઓને શું કામ આવું પવિત્ર કાર્ય કરતાં રોકું ? માટે અહીં બેઠેલાઓને જે કોઈને પણ દીક્ષા લેવી હોય તેને મારી રજા છે. આ સાંભળી ને રાણી અને પાસે બેઠેલા બધાં સભ્યોને ખૂબ જ આનંદ થયો અને સભ્યોએ કહ્યું સ્વામીને અનુસરવું એ જ સાચો સેવકધર્મ છે. માટે અમે બધાં જ આપની સાથે દીક્ષા લઈશું. તેથી રાજા રાણી અને બધા જ સભ્યોએ દીક્ષા આપવા મુનિરાજને નમ્રભાવે પ્રાર્થના કરી.

દીક્ષા એટલે પાપથી મુક્તિ
દીક્ષા એટલે કષાયથી મુક્તિ
દીક્ષા એટલે કર્મથી મુક્તિ

દીક્ષા લીધા વિના ભવદુઃખ ન જાય. અને મુક્તિનું દાન ન મળે. સકલદુઃખોનું એકમાત્ર ઔષધ દીક્ષા. દીક્ષા લીધા વિના કર્મશત્રુને શિક્ષા ન થાય. દીક્ષા લીધા પછી ગુરુ પાસે ગ્રહણશિક્ષા અને આ સેવન પ્રેમથી લે તે જ કર્મશત્રુને શિક્ષા કરી શકે. દીક્ષા લીધી પણ શિક્ષા ન લીધી તો દીક્ષા શું કામની ?

પછી રાજાએ મુનિરાજને વિનંતી કરી કે હે પૂ. ગુરૂદેવ ! મારે લોકવ્યવહારથી આ રાજ્ય પુત્રને સોંપવાનું છે તેથી વિધિપૂર્વક પુત્રનો રાજ્યાભિષેક કરીને હું આપની પાસે દીક્ષા લઈશ. માટે કૃપા કરી બે દિવસ અહીં ઉદ્યાનમાં સ્થિરતા કરો જેથી મારા મનના મનોરથ પૂર્ણ થાય. રાજાની આ પ્રમાણેની વિનંતી સાંભળી મુનિ બોલ્યા કે હે રાજન્ ! જો તમારે દીક્ષા લેવાની ભાવના છે તો તમારે અમારા ગુરુમહારાજ અહીંથી એક ગાઉ દૂર એક ગામમાં બિરાજમાન છે ત્યાં આવવું. કેમ કે અમારાથી ગુરુની આજ્ઞા વિના અહીં ન રહેવાય.

गुरु आणाए धम्मो, गुरु आणाए मोकखो ।

માટે અમે અહીંથી હવે જઈએ છીએ. રાજા-રાણી અને રાજાના અનેક અધિકારીઓ દીક્ષા લેવા તૈયાર છે. રાજા સામેથી બે દિવસ રોકાવા આગ્રહભરી વિનંતી કરે છે, છતાં આવા અતિશય જ્ઞાની મુનિઓ રાજાના નગરમાં રોકાવાની ના પાડે છે તો તેઓને ગુરૂઆજ્ઞાનું મહત્ત્વ કેટલું બધું હૈયે વસ્યું હશે !

મુનિઓ ગુરુ પાસે પહોંચી ગયા. રાજાએ પણ મહેલ પર આવી પુત્રનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કરી પુત્રને રાજ્ય સોંપી દીધું. સંયમ લેવા જે આત્માનું પોતાનું નથી તેને છેહ દેનારું માની છોડી દેવાનું અને આત્માને શ્રેયકારી હોય તેનો સ્વીકાર કરવાનો.

પછી રાજા મોટી રિદ્ધિસિદ્ધિ અને મોટા પરિવાર સહિત ગુરુમહારાજ પાસે જઈને વિધિપૂર્વક વંદના કરી, ગુરૂપૂજન કર્યું અને સવિનય દીક્ષા આપવા પ્રાર્થના કરી. તેથી ગુરૂમહારાજે રાજા વગેરેની ઉત્તમ ભાવનાની ખૂબ પ્રશંસા કરીને રાણી, સભ્યો સાથે રાજાને વિધિપૂર્વક દીક્ષા આપી અને દીક્ષા આપીને ઉત્તમ શિક્ષા પણ આપી.

હવે રાજર્ષિ અતિ ઉત્કટ ભાવનાથી સંયમનું નિર્મળ પાલન કરે છે. સુનંદા રાણીમાંથી સુનંદા સાધ્વી બની છે તેને પ્રવર્તિની સાધ્વી પાસે મૂકી. તે પણ શ્રુતાભ્યાસ અને યથાશક્તિ તપ કરે છે.

રાજર્ષિ તો દીક્ષા લઈને તપની ધારદાર તલવાર અને ઉત્તમ સંયમની ઢાલ લઈને કર્મશત્રુ પર એવા તૂટી પડ્યા કે બાર વર્ષના અંતે તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને પછી આયુષ્ય પૂરું થતાં શિવરમણીને વળ્યાં.

આનું નામ કર્મે શૂરા તે ધર્મે શૂરા.

રાજાના પરિવારમાંથી જેઓએ રાજા સાથે દીક્ષા લીધી હતી તેઓમાંથી કેટલાક મોક્ષમાં ગયા અને કેટલાક કાળધર્મ પામી સ્વર્ગમાં ગયા.

સુનંદા સાધ્વી સંયમનો સ્વીકાર કરીને દિનપ્રતિદિન વધારેને વધારે વૈરાગ્યના રંગથી રંગાતી જાય છે. મોક્ષનો અભિલાષ તીવ્ર બનતો જાય છે. નવ વાડી વિશુદ્ધ બ્રહ્મચર્યવ્રતનું

પાલન કરે છે, ગુરુવિનય અને સેવામાં જરાયે પાછી પાની કરતી નથી. જ્ઞાનધ્યાનમાં સદા મગ્ન રહે છે. કષાયને તો અછૂત માની પોતાની પાસે ફરકવા પણ દેતી નથી. આહારપાણી કરે છે તે પણ અનાસક્ત ભાવે. બીજી બાજુ જલ્દી કર્મ ખપાવવા ઉત્કટ તપ કરતાં કરતાં અવધિજ્ઞાન પ્રગટ થાય છે. અવધિજ્ઞાનના પ્રભાવે હવે સ્વર્ગ, મર્ત્ય અને પાતાલને સાક્ષાત જોઈ શકે છે.

હવે સવિશેષ-સાનન્દ સંયમનું નિરતિચાર પાલન કરે છે.

હવે એક વાર અવસર પામીને પોતાની ગુરુણી પ્રવર્તિનીને સવિનય પોતાના પૂર્વજીવનની વાત કરી, અને કહ્યું કે હે પૂ. માતાજી ! પેલા રૂપસેનના જીવના મારા નિમિત્તે સાત ભવ થયા છે. તે નિરર્થક કલેશને અનુભવે છે. મહાદુઃખના ખાડામાં પડેલો છે. પશુગતિ પામેલો છે. તો જો આપની આજ્ઞા હોય તો હું ત્યાં જઈને તે જીવને પ્રતિબોધ કરી તેને દુઃખની ખીણમાંથી બહાર કાઢું !

પ્રવર્તિની સાધ્વીએ કહ્યું કે- હે વત્સે ! તું તો વિશિષ્ટ જ્ઞાની છે. તને ભૂત-ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન છે. તેથી જો તારા જ્ઞાનમાં ત્યાં જવામાં લાભ દેખાતો હોય તો સુખેથી જા અને તે રૂપસેનના જીવ હાથે પ્રતિબોધ કરી ધર્મ પમાડ, જેથી તે બિચારો સદ્ગતિનો ભાગી બને.

સુનંદા સાધ્વીએ વડીલ સાધ્વીની આજ્ઞા લઈ ચાર સાધ્વીઓની સાથે વિહાર કરી ક્રમશઃ સુગ્રામ નામના નગરમાં પહોંચ્યાં. ત્યાં ગૃહસ્થોની પાસે રહેવા વસતિ (મકાન) યાચીને ચાતુર્માસ રહ્યાં. રોજ ચાતુર્માસમાં શ્રાવિકાઓની આગળ ધર્મોપદેશ કરે છે.

હવે આ ગામની નજીકમાં એક પર્વત છે. ત્યાં એક ગહન જંગલ છે. તે જંગલમાં રૂપસેનનો જીવ જંગલી હાથી તરીકે ઉત્પન્ન થયેલો રહે છે. તે કોઈ કોઈ વાર ફરતો ફરતો ગામની સીમામાં આવે છે અને સીમાની સમીપમાં રહેતા લોકોને હેરાન કરે છે. તેઓની પૂંઠે દોડે છે તેથી તેના ભયથી લોકો ઊંચા ઝાડ પર ચઢી જાય છે, કેટલાક તો તેના ભયથી ગામમાં જ દોડતા ભાગી જાય છે. કેટલાક આડાઅવળા છુપાઈ જાય છે. કોઈ તેના ઝપાટામાં આવે તો તેને સૂંઢથી પકડીને આકાશમાં ઉછાળે છે. તેથી તેનું આયુષ્ય પ્રબળ હોય તે બચી જાય છે, બીજાઓ મરી જાય છે. કેટલાકને તો સૂંઢથી પકડીને જમીન પર પછાડી પછાડીને મારી નાંખે છે, કેટલાકને તો પગ તળે કચડીને મારી નાંખે છે.

આવો ભયંકર ત્રાસ વરસાવી પુનઃ જંગલમાં ભાગી જાય છે. તેથી તે રસ્તે જતાં લોકો ખૂબ જ ગભરાય છે. આખું ગામ આ હાથીથી ત્રાહિમ ત્રાહિમ પોકારી ગયું છે.

એક વાર સુનંદા સાધ્વીએ જ્ઞાનના પ્રભાવે જાણ્યું કે આવતી કાલે તે હાથી ગામની સીમામાં આવશે. તેથી બીજા દિવસે સુનંદા સાધ્વી એક બીજી સાધ્વીને સાથે લઈને જંગલ

જવાના બહાને તે હાથીને આવવાના માર્ગ તરફ ગયાં. ત્યાં તો સાધ્વીઓને તે તરફ જતી જોઈને ગામના લોકો પોકાર કરવા લાગ્યા કે હે પૂજ્યો ! તમે તે તરફ ન જાઓ-ન જાઓ, પેલો દુષ્ટ હાથી આવી રહ્યો છે. તે યમના ભાઈ સમાન છે. તેની નજરમાં જે ચઢ્યો તે પરલોકમાં પહોંચ્યો સમજો. માટે આપ કૃપા કરીને તે તરફ ન જતાં પાછાં ફરો. હમણાં તે તરફ જવા જેવું નથી.

ગામ લોકોનું આ પ્રમાણેનું વચન સાંભળી સુનંદા સાધ્વીએ સાથેની સાધ્વીને કહ્યું, તમે અહીં જ ઊભાં રહો તેથી સાધ્વી 'તહત્તિ' કહી ત્યાં જ ઊભી રહી. અને સુનંદા સાધ્વી નિર્ભય થઈને તે હાથીને પ્રતિબોધ કરવા આગળ ચાલ્યાં. ગામના અજ્ઞાન લોકોએ તો બૂમાબૂમ કરી મૂકી છે. સુનંદા સાધ્વી કોઈનું સાંભળતી નથી અને આગળ ને આગળ ચાલતી જાય છે તેથી લોકો બોલે છે કે સાધ્વી બહેરી લાગે છે. છતાં સાધ્વી તો મૌન ધારણ કરીને હાથીને આવવાના રસ્તે ચાલી જાય છે. તેથી ઊંચા વડ પર ચઢીને બેઠેલા લોકો કહે છે. આ સાધ્વી ગાંડી લાગે છે, કોઈ કહે છે તે તેને કોઈ ભૂત વળગ્યું લાગે છે, નહિ તો આટલું બધું કહેવા છતાં પાછી કેમ ન વળે ? તેમાં કોઈ સમજું લોકો કહે છે કે આં સાધ્વી તો બધી સાધ્વીઓમાં મોટી અને મહાજ્ઞાની છે, તેથી તે ગાંડી પણ નથી, બહેરી પણ નથી પણ મહાન ગુણવાન, બહુશ્રુત અને દેશનાદક્ષ છે, જેના દર્શન માત્રથી પાપ પલાયન થઈ જાય છે. માટે આ મોટી સાધ્વી જે કરતી હશે તે સમજપૂર્વક સારા માટે જ કરતી હશે !

એટલામાં સામેથી દોડતો મદોન્મત્ત હાથી આવતો દેખાયો. હાથીએ પણ પોતાની સામે આવતી સાધ્વીને જોઈ. પહેલાં તો સામાન્ય સ્ત્રી જાણીને તેને પકડવા દોડ્યો, પણ જ્યાં નજીકમાં આવ્યો અને સુનંદા સાધ્વીની અને તેની નજર ભેગી થઈ એટલે મોહનો ઉદય થયો. રૂપસેનના ભવથી પોષેલો કામવાસનાનો સંસ્કાર સુનંદાનું નિમિત્ત મળતાં પુનઃ જાગ્રત થયો, તેથી તેનો કોપ તો શાન્ત જ થઈ ગયો. સાધ્વી સામે યોગીની માફક ઊભો રહીને ધૂણે છે અને આનંદ પામે છે. તે વખતે સાધ્વીએ જ્ઞાનમાં જોયું કે અત્યારે તેને પ્રતિબોધ કરવાનો ખરો અવસર છે, તેથી સાધ્વીએ હાથીને કહ્યું કે-હે રૂપસેન ! બોધ પામ, બોધ પામ. શા માટે મોહમૂઢ બનીને મારી પાછળ ભટકીને ભવમાં ભટકી રહ્યો છે ? મારા ઉપરનો પ્રેમ શા માટે છોડતો નથી ? મારી ખાતર તો તારા સાત ભવ થયા. સમસ્ત દુઃખોનું મૂળ જે કામરાગ, તેને તું છોડી દે. સુનંદા સાધ્વીએ તેના રૂપસેનના ભવથી જે જે તેના ભવો થયા તે ક્રમશઃ તેને કહી સંભળાવ્યા. હાથી ઊંડા ચિંતનમાં ડૂબી ગયો અને જ્ઞાનાવરણીયનો પડદો દૂર થતાં તેને તેના બધા પૂર્વજન્મો યાદ આવી ગયા. દરેક ભવમાં અનુભવેલું સુખ-દુઃખ બધુંજ સ્મૃતિપથમાં આવી ગયું. તેથી ક્ષણભર તો જડ જેવો નિશ્ચેષ્ટ થઈ ગયો. પછી સાવધાન થઈ વિચાર કરે છે કે-હાય ! હાથમાં આવેલો રત્નચિંતામણી તુલ્ય માનવભવ હું હારી ગયો. કામાંધ બનીને મેં પરલોકની જરા પણ ચિંતા ન કરી

અને કામવાસના પાછળ અંધ બનીને મેં મારા આત્માની બરબાદી કરી નાંખી. હાય, હવે મારું શું થશે ? મેં ભયંકર ભૂલ કરી છે. આ હાથીના ભવમાં તો મેં સેંકડો માનવી અને જાનવરોના જાન લીધા. ચારેકોર ત્રાસનું વાતાવરણ ફેલાવ દીધું છે. હવે મને આ દુર્ગતિના રસ્તેથી કોણ વાળશે ? હાય, મારી શી ગતિ થશે ? આ સુનંદા ભાગ્યવતી છે કે જેણે કુકર્મ કરીને પણ પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો. સાધુપણું લીધું, તેથી હવે તેને તો કોઈ ભવની ભીતિ નથી. બીજું, તેને ધન્ય છે કે મારા પરના સ્નેહને તેણીએ ખરેખર બરાબર નિભાવ્યો. પોતે સ્વયં તરી અને મને તારવા માટે આટલો બધો પરિશ્રમ લઈ અને મારા ભયને અવગણીને પણ મારા ઉદ્ધાર માટે અહીં આવી. હજુયે મારું ભાગ્ય જાગતું છે કે સ્વયં ભગવતી મારા જેવા યમના દૂત જેવા એક પશુના ઉદ્ધાર માટે અહીં આવી.

ખરેખર ! સ્વાર્થી સંસારમાં એક માત્ર સાચા પરોપકારી જિનેશ્વરદેવના મુનિઓ અને સાધ્વીઓ છે. જેઓ વિના સ્વાર્થે લોકોના કલ્યાણ માટે ગામોગામ ઉઘાડા પગે ફરી ધર્મોપદેશ આપી જનકલ્યાણ કરે છે.

હવે હાથીએ મનમાં દૃઢ સંકલ્પ કરી લીધો કે આ મહોપકારી માતા સમાન સુનંદા સાધ્વી મારા આત્માના ઉદ્ધાર માટે જે ઉપાય બતાવે તે જ મારે કરવો. સાધ્વી તો સર્વગુણોની ખાણ છે, પતિતોની ઉદ્ધારક છે, મહાદયાળુ છે, મહાજ્ઞાની છે. તેથી જરૂર મારો ઉદ્ધાર થાય એવો રસ્તો બતાવશે.

ઘોર પશ્ચાત્તાપ થવાથી હાથીની બંને આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ પડી રહ્યાં છે. સાધ્વીની નજીક આવીને વારંવાર સૂંઢ વડે વંદના કરે છે અને ઊંચા સ્વરથી સુનંદા સાધ્વીને પ્રાર્થના કરવા લાગ્યો કે-હે ભગવતિ ! આપના હાથમાં તો ભવસમુદ્ર તરવાનું જહાજ જે ચારિત્ર તે આવી ગયું છે તેથી આપ તો અવશ્ય ભવસાગર તરી જવાનાં, પણ મારી શું ગતિ થશે ? જો કે મને આપના પ્રભાવે પૂર્વજન્મોનું સ્મરણ થયું છે તેથી મેં કર્મવિપાકની ભયંકરતાને સાક્ષાત જોઈ છે. હવે હું આ પશુના ભવમાં શું ધર્મસાધના કરું ? હું તમારા શરણે આવ્યો છું. માટે જેમ મારું કલ્યાણ થાય તેમ કરો. સાધ્વીએ જ્ઞાનથી હાથીના મનની ભાવના જાણી કહ્યું-હે રૂપસેન ! તું હવે જરાયે ચિંતા ન કરીશ. પશુગતિમાં પણ તારો ઉદ્ધાર થશે. તું સંજ્ઞી પંચેન્દ્રિય, જાતિસ્મરણ જ્ઞાનવાળો અને પાંચમા ગુણસ્થાનકને યોગ્ય જીવ છે. તેથી વીતરાગદેવ, ત્યાગી ગુરુ અને વીતરાગવચન પર દૃઢ શ્રદ્ધા રાખી યથાશક્તિ તું તપ કર. જેથી તું આ પશુગતિથી મુક્ત થઈને દેવગતિ પામીશ.

વિષયકષાયની વાસના છોડીને નવકારમંત્રનું સ્મરણ કરતા રહેવું અને જિંદગીપર્યંત તપ કરતા રહેવું.

બગડેલી બાજીને સુધારી લેવાનું સાધન ધર્મસાધનાતપ સાધના છે. માંટે પાપવાસના છોડી ધર્મમાં ચિત્ત પરોવી દેવું.

આ હાથી અને સાધ્વી વચ્ચે થતો વાર્તાલાપ દૂરથી ગામના લોકો જોઈ રહ્યા છે. લોકો આ જોઈને તાજુબ થઈ ગયા અને બોલવા લાગ્યા કે આ સાધ્વી તો ચમત્કારી લાગે છે. આવા યમના દૂત સમાન હાથીને પણ વશ કર્યો. હવે તો કાયમ માટે હાથીનો ત્રાસ દૂર થઈ ગયો. તેથી ત્યાં હજારો લોકો ભેગા થઈ ગયા અને સાધ્વીના ચરણોમાં ઝૂકી ઝૂકીને પ્રણામ કરે છે. ધીરે ધીરે આ વાત ગામના ઠાકોર પાસે પહોંચી, તેથી તે પણ સેના ત્યાં આવી સાધ્વીને ભાવપૂર્વક વંદના કરી હાથીનો વૃત્તાંત પૂછે છે. સાધ્વી સુનંદાએ રૂપસેનના ભવથી માંડીને અથથી ઈતિ સુધી વાત કરી અને રાજાને કહ્યું કે હવે આ હાથી ધર્મ પામ્યો છે, ભદ્રિક અને ગુણવાન આ હાથીએ છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાની પ્રતિજ્ઞા કરી છે તેથી તું તેને તારા ત્યાં લઈ જા. તેથી તને ગુણીના સંગનો, સાધર્મિક ભક્તિનો, તપસ્વીની સેવાનો અને આ જીવની દયા કરવાનો લાભ મળશે.

સાધ્વીના કહેવાથી રાજાએ સહર્ષ આ વાત વધાવી લીધી. પછી રાજાએ ગજરાજને પધારવા વિનંતી કરી તેથી હાથી સ્વયં (પોતાની મેળે) રાજાની સાથે ચાલ્યો અને રાજાએ તેને સુંદર હાથીશાળામાં પ્રેમપૂર્વક રાખ્યો. હાથીનું જ્યારે પારણું આવે ત્યારે તેને પાકા પાણીથી અને ઉત્તમ લાડવા વગેરેથી પારણું કરાવે છે. જિંદગીપર્યંત હાથીએ છઠ્ઠના પારણે

છટ્ઠ અને બ્રહ્મચર્યનું નિર્મળ પાલન કરીને નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં આયુષ્ય પૂર્ણ કરીને આઠમા દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. સુનંદા સાધ્વીએ રાજા વગેરે ઘણા મનુષ્યોને પ્રતિબોધ કરી શાસનની ઉન્નતિ કરીને પોતાની ગુરુણી પ્રવર્તિની સાધ્વી પાસે આવી. ગુરુણીએ તેની ખૂબ જ પ્રશંસા કરી. અંતે, સુનંદા સાધ્વી સકલ કર્મોનો ક્ષય કરી મોક્ષપદને પામી.

# કાલે આવજે

# કાલે આવજે

લક્ષ્મીનાં સાક્ષાત નિવાસ સમાન લક્ષ્મીપુર નામનું નગર હતું. ત્યાં સર્વ ક્ષત્રિયોમાં શિરોમણી જિતારી નામનો રાજા રાજ્ય કરતો હતો. આ નગરમાં મમ્મણ શેઠ જેવો અત્યંત કંજુસ અને મહાશ્રીમંત ધનકર્મા નામનો શેઠ રહેતો હતો. તે કદીયે દાનપુણ્યમાં એક પૈસો પણ ખરચતો નહિ તેમ જ જાતે પણ ભોગવતો નહિ. તેની અપાર લક્ષ્મી માત્ર તેના ઘરની શોભારૂપ જ હતી.

આ નગરમાં એક ભાટચારણોનું મોટું મંડળ સ્થાપેલું હતું. તેનાં અવારનવાર ભાટચારણો ભેગા થતા અને દેશવિદેશની અને પોતપોતાના પરાક્રમની વાતો કરતા. કોઈ ભાટ કહેતો કે મેં અમુક દેશના રાજાને ખુશ કરી આટલી બક્ષિશ મેળવી, તો કોઈ કહેતો કે મેં અમુક ગામના ઠાકોરને પ્રસન્ન કરી આટલું

ઈનામ મેળવ્યું. તો ત્રીજો કહેતો કે હું અમુક શ્રીમંતને રીઝવીને આટલું ધન લાવ્યો.

એક વાર બહારગામથી એક ભાટ આ મંડળમાં આવ્યો. તે પણ પોતાની બુદ્ધિનાં વખાણ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે અમુક રાજાનો મંત્રી સકલશાસ્ત્રીનો પારગામી હતો. ભલભલા વિદ્વાનોનાં પાણી ઉતારી નાંખે એવો હતો. તેને પણ મેં પ્રસન્ન કરી મોટું ઈનામ મેળવ્યું. ત્યારે મંડળીમાં બેઠેલા એક આખાબોલા ભાટે કહ્યું કે તારી બધી વાત સાચી, પણ અમે તો તારું વાકચાતુર્ય ત્યારે જ સાચું માનીએ કે જો તું આ લક્ષ્મીપુરના ધનકર્મા શેઠની પાસેથી એક દિવસનો નિર્વાહ થાય એટલું ભોજન લાવે તો... બાકી તો તું માત્ર બડાઈ મારે એટલું જ.

આ પ્રમાણે સાંભળીને બહારગામથી આવેલો ભાટ પોતાની વાક્કલાના ગર્વથી બોલ્યો કે : ઓહ ! એમાં શું મોટું દુષ્કર કામ છે ? એક વાણિયાને ખુશ કરી એક દિવસનું ભોજન લાવવું તે તો મારા માટે રમત વાત છે. મેં તો વજ્ર જેવા કઠિન હૃદયવાળાઓને પણ પાણી પાણી કરી ઈચ્છિત ધન મેળવ્યું છે, તો તે બિચારો શેઠ મારી આગળ કોણ છે ? તેને તો હું મારી જાદુઈ વાણી વડે વશ કરી હમણાં જ એક દિવસનું ભોજન લઈ આવું છું અને તમને બધાને મીઠું મોં

કરાવું છું. સાથે સુંદર વસ્ત્રોની ભેટ પણ લઈ આવું છું.

જો હું ધનકર્મા શેઠ પાસેથી ભોજન-વસ્ત્રો લઈ આવું નહિ તો તમારી મંડળીમાંથી મારે ભાગ લેવો નહિ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને ભાટ (ચારણે) ધનકર્મા શેઠના ઘેર ગયો. મોંઢામાંથી મધઝરતી વાણીનો વરસાદ વરસાવતો ભાટ ધનકર્મા શેઠને કહેવા લાગ્યો કે : હે પંડિત શિરોમણિ ! હે દાનવીર ! તમે દાન દેવામાં વિલંબ શા માટે કરો છો ? કેમ કે ગયેલું આયુષ્ય પાછું આવતું નથી. અંજલીમાં રહેલા જળની માફક આયુષ્ય જલ્દીથી ચાલ્યું જાય છે. આયુષ્યનો સૂર્ય ક્યારે અસ્ત થશે તેની ખબર નથી. લક્ષ્મી અત્યંત ચંચળ છે. ભાગ્ય અનુકૂળ છે ત્યાં સુધી લક્ષ્મી રહે છે, ભાગ્ય પ્રતિકૂળ થતાં લક્ષ્મી ચાલી જાય છે. માટે નશ્વર લક્ષ્મીનો ઉપયોગ દાન આપવામાં શીઘ્ર કરવો જોઈએ. મધમાખીઓએ મહામહેનતે ભેગું કરેલું મધ વાઘરી આવીને લઈ જાય છે અને મધમાખીઓ હાથ ઘસતી રહી જાય છે, તેમ કૃપણ માણસે મહાકષ્ટથી અને હિંસાદિ પાપો કરીને ભેગું કરેલું ધન ચોર, રાજા, વિપરિત ભાગ્ય અને સગા-સંબંધીઓ લઈ જાય છે અને ધન ભેગું કરનાર માનવી મરીને નરકાદિ દુર્ગતિઓમાં દુઃખો ભોગવવા ચાલ્યો જાય છે. માટે હે ભાગ્યશાળી શેઠ ! મારા પર કૃપા કરી મને માત્ર એક દિવસનું ભોજન આપો.

ભાટનો સુંદર ઉપદેશ અને પ્રાર્થના સાંભળીને પણ પથ્થર જેવા કઠિન દિલવાળા શેઠનું દિલ જરાયે દયાથી પીગળ્યું નહિ. મગશલિયા પથ્થર પર ગમે તેટલું ધોધમાર વરસાદનું પાણી પડે છતાં મગશલિયો પથ્થર કોરો ને કોરો. આવેલો વાકચતુર ભાટ કહે છે : શેઠ ! હું મહાદુઃખી છું, ભૂખ્યો છું. તમારી ખૂબ પ્રશંસા સાંભળીને તમારા ઘેર આવ્યો છું. માટે મને નિરાશ ન કરશો, દુઃખી માણસને દાન આપીને તેના દિલની દુવા મેળવો. આ ભાટે જાતજાતની યુક્તિઓ અને અભિનયો કરી શેઠને રીઝવવા ઘણાયે પ્રયત્નો કર્યા પણ પથ્થર પર પાણી. કૃપણ માણસનું દિલ પથ્થર જેવું કઠિન અને ક્રૂર હોય છે. ગમે તેવા દુઃખી માણસને જોઈને પણ તેના દિલમાં જરાયે દયાનો ભાવ પ્રગટ થતો નથી. કૃપણને દિલ જ હોતું નથી, માત્ર તેને દિલ વગરનો દેહ જ હોય છે. દિલ વગરનો માનવી દુનિયા માટે શાપરૂપ છે. દિલ વિનાનો માનવી મોટી ડિગ્રીવાળો હોય તો પણ શું કામનો ? અભણ માણસ પણ દિલવાળો હોય તો તે દુનિયા માટે દેવ સમાન છે. દિલની કિંમત છે. માત્ર સુંદર દેહની, દોલતની કે મોટી ડિગ્રીની કંઈ કિંમત નથી. માનવીની સાચી દોલત જ દિલ છે. આ શેઠ પાસે દોલત અઢળક છે, પરંતુ દિલ નથી. દિલમાં લેશમાત્ર દયા નથી. માત્ર ચોવીસે કલાક પૈસાનો જ મંત્ર જાપ જપતો રહે છે.

આ વાણીચતુર ભાટ જ્યારે વારંવાર પ્રાર્થના કરતો જ રહ્યો ત્યારે ઠગ અને કંજુસ શેઠ બોલ્યા કે : હે ભદ્ર ! આજે તને આપવાનો અવસર નથી, માટે તું આજે જે ભોજન માગે છે તે તને હું કાલે આપીશ. મહાકૃપણ શેઠના મોંઢામાંથી 'આપવાના' શબ્દો સાંભળીને આવેલો ભાટ રાજીનો રેડ થઈ ગયો. એણે વિચાર કર્યો કે મારું અહિં આવવું સફળ તો થયું. ભલે, આજે નહિ તો કાલે આપશે, પણ આપવાનું તો કહ્યું ને ? સાવ ઘસીને ના તો નથી પાડીને ? હવે હું જે ભાટચારણોની મંડળી વચ્ચે પ્રતિજ્ઞા કરીને આવ્યો છું તે પ્રતિજ્ઞા મારી પૂર્ણ થશે અને મારી ખૂબ પ્રતિષ્ઠા વધશે.

ભાટે શેઠને કહ્યું કે : સારું હું હવે આજે પાછો જાઉં છું. કાલે આવીશ. યાચકને હઠ કરવી ઠીક નહિ, એમ કહીને યાચક પાછો ગયો.

બીજા દિવસનું પ્રભાત થયું. ભાટ મૂછમાં હસતો અને મનમાં મલકાતો ધનકર્મા શેઠને ઘેર આશાભર્યો પહોંચ્યો. અને મુખમાંથી પ્રશંસાનાં પુષ્પોની શેઠ પર વૃષ્ટિ કરવા લાગ્યો કે, આપ તો કર્ણ અને બલિરાજા જેવા દાનવીર છો, આપ તો લક્ષ્મીપુરનું ભૂષણ છો, આપ તો પુણ્યશાળીઓમાં શિરોમણિ છો. આમ શેઠ પર પ્રશંસાનાં પુષ્પોની વર્ષા વરસાવી અટક્યો ત્યારે શેઠે ધીરે રહીને કહ્યું કે હે ભાગ્યશાળી ! શા માટે

આટલો બધો અધીરો થાય છે ? જરા શાન્તિ રાખ. મેં તને નથી કહ્યું કે કાલે હું તને આપીશ ? માટે કાલ આવવા દે. ઉતાવળ ન કર.

આવી દંભયુક્ત શેઠની વાણી સાંભળીને ભાટ શેઠના દિલનું હાર્દ (રહસ્ય) પામી ગયો. ભાટે વિચાર્યું કે આ શેઠની સાથે ઝઘડો કરવો ઠીક નહિ, પરંતુ હું રોજ શેઠના ઘેર આવી માગી માગીને આ શઠ શેઠને થકવી નાંખું ! જોઉં છું કે અમારા બેમાંથી કોણ થાક છે ? બીજું, આ શેઠે હજું મને ઘસીને ના તો નથી પાડી, તેથી હું આની પૂંઠે લાગી જઈને રોજ અહીં આવીને માગીને આને થકવી નાંખું ! કેટલો વખત મને આવો જવાબ આપ્યા કરશે ? છેવટે થાકી-કંટાળીને કે લોકલાજથી પણ મને ભોજન જરૂર આપશે.

આ પ્રમાણે વિચાર કરીને રોજ ભાટ શેઠને ઘેર આવીને આશીર્વાદનાં વચનો બોલીને ભોજન માગે છે. શેઠ તો પહેલાંની માફક જ તેને જવાબ આપે છે કે, કાલે આવજે. ભાટ શેઠને કહે છે કે, તમારી કાલ ક્યારે આવવાની છે ? શેઠ કહે હમણાં તો આજ છે, કાલ ક્યાં છે ? માટે કાલે આવજે, કાલે આપીશ. આ પ્રમાણે રોજ શેઠ આ ભાટને જવાબ આપીને પાછો મોકલે છે. પાપાનુબંધી પુણ્યના ઉદયની લક્ષ્મીને દાનમાં દેતાં જીવ કેમ ચાલે ? આ પાપાનુબંધી પુણ્યની લક્ષ્મી ઘરમાં

આવતાં જ માનવીની બુદ્ધિ જ ભ્રષ્ટ કરી નાંખીને લક્ષ્મી પર ગાઢ મમતા (રાગ) કરાવે છે.

ભાટને શેઠના ઘેર રોજ જતાં જતાં અને ભોજન માગતાં માગતાં બાર વર્ષનાં વહાણાં વાયાં, પણ શેઠ આખરે ન પીગળ્યા તે ન જ પીગળ્યા.

પથ્થર જેવું દિલ કેમ પીગળે ?

આથી ભાટને શેઠ પર ખૂબ જ રીસ ચઢી. તેથી ભાટે વિચાર્યું કે આડે લાકડે આડો વેર- 'શઠં પ્રતિ શાઠ્યં' કર્યા વિના આ મહાકૃપણ શેઠ સીધો નહિ થાય. માટે કોઈ દેવ-દેવીની ઉપાસના કરી તેને પ્રસન્ન કરીને તેની સહાયથી આ શેઠને સીધો કરું ! અને મેં લીધેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરું ! એટલું જ નહિ, હવે તો તેની બધી જ લક્ષ્મી મારા કબજે કરી તેના દ્વારા દાન આપી અને ભોગવિલાસ કરી તેની લક્ષ્મી સાર્થક કરું' ત્યારે જ હું સાચો વિચક્ષણ ભાટ-ચારણ કહેવાઉં !

આમ દૃઢ નિર્ણય કરી 'પ્રતારણી' વિદ્યા સાધવા આ ભાટે મક્કમ વિચાર કર્યો. આ વિદ્યા સાધવા ચંડિકા દેવીના મંદિરમાં ગયો. શક્તિને નમસ્કાર કરી કહ્યું કે 'હે માતા ! તારી કૃપાથી મારું કાર્ય સિદ્ધ થાઓ' વિદ્યા સાધવા દેવી સમક્ષ પલાંઠી વાળી બેસી ગયો. 'કાર્યં સાધયામિ વા દેહંપાતયામિ'

આવું દઢ મન કરી સવિનય વિધિપૂર્વક ૨૧ ઉપવાસ કર્યા. મૌન, તપ, મંત્રજાપ, હોમાદિ વિધિ દ્વારા તેણે ચંડિકાદેવીને પ્રસન્ન કરી. દેવી પ્રત્યક્ષ થઈને ભાટને કહે છે કે, હે વત્સ ! તારી ભક્તિથી હું તારા પર પ્રસન્ન થઈ છું, માટે તારે જે જોઈએ તે માગી લે. દેવીવાણી સાંભળી ભાટે દેવીને નમસ્કાર કરી કહ્યું કે હે માતા ! હે વાંછિતને દેનારી ! જો તું મારા પર પ્રસન્ન થઈ હોય તો મને એક રૂપપરાવર્તન કરવાની વિદ્યા આપ, અને મને ભૂતકાળનું જ્ઞાન આપ. દેવી 'તથાસ્તુ' કહી અદશ્ય થઈ ગઈ. દેવોને અદેય શું હોય ? વિદ્યા સિદ્ધ થવાથી ભાટના આનંદનો કોઈ પાર નથી. દેવીના મંદિરમાંથી ઊઠી પોતાના ઘેર આવી ૨૧ ઉપવાસનું પારણુ કર્યું. હવે મહાકંજુસ અને શઠ ધનકર્મા શેઠને ઠગવાના અવસરની રાહ જોતો બેઠો છે.

એવામાં એક દિવસે ધનકર્મા શેઠને કોઈ કામકાજ અંગે છ-સાત દિવસ માટે બહાર ગામ જવાનું થયું. તેથી ભાટે સુંદર મોકો જોઈને દેવીએ આપેલા વરદાનના પ્રભાવે ધનકર્મા શેઠ જેવું આબેહુબ રૂપ કર્યું અને તેના ઘેર જઈને તેના પુત્રોને નકલી ધનકર્મા શેઠે કહ્યું કે, આજે હું બહાર ગામ જવા ઘેરથી નીકળ્યો, પણ સારા શુકન ન થવાથી બહાર ગામ ન ગયો. ઘેર પાછો આવતો હતો ત્યાં રસ્તામાં એક વૃક્ષના નીચે લોકોને ઉપદેશ આપતા જૈન મુનિ મેં જોયા, તેથી મુનિને નમસ્કાર

કરીને મુનિ પાસે બેઠો. મુનિએ મને ધર્મનો મર્મ (સાર) આ પ્રમાણે કહ્યો કે આ દુનિયાના માનવોને ધનનો લોભ ખૂબ જ હોય છે, તેથી સુપાત્રને અને દીનદુ:ખીને તેઓ ધન આપતા નથી તેથી મહાકષ્ટથી અને મહાપાપથી ભેગા કરેલા ધનને તેઓ મૂકી, મરીને બિચારા નરકાદિ દુર્ગતિમાં જાય છે. આવી નિઃસ્પૃહી ત્યાગી મુનિની દેશના સાંભળી હું ખૂબ જ ગભરાયો. મેં પણ અબજોનું ધન રાત'દિ કાળી મહેનત અને ઘણાં કાળાં કામો કરીને કરીને ભેગું કર્યું છે. તેમાંથી હજુ સુધી મેં કદીયે કોઈને એક પૈસાનું પણ દાન આપ્યું નથી. તો દાનધર્મ કર્યા વિના પરલોકમાં મારી શી ગતિ થશે ? મુનિની પ્રેરક વાણીથી મારાં આંતરચક્ષુ આજે ખૂલી ગયાં, તેથી હવેથી દાન દેવાનો, અને યથેચ્છ ભોગવિલાસ કરવાનો નિશ્ચય કર્યો છે. લક્ષ્મી કોઈની સાથે ગઈ નથી અને જવાની નથી. લક્ષ્મીનો કોઈ ભરોસો પણ નથી. તેમજ આયુષ્યનો પણ કંઈ જ વિશ્વાસ નથી. માટે 'હાથે એટલું સાથે' આ જીવનસૂત્ર આજથી સ્વીકાર્યું છે. માટે તમે પણ બધા યથેચ્છ દાન આપો અને યથેચ્છ ભોગ ભોગવો. કેમ કે શાસ્ત્રમાં ધનની ત્રણ ગતિ કહી છે : દાન, ભોગ અને નાશ. જો દાન ન દીધું, તેનો સારાં સારાં ખાનપાન, વસ્ત્રો વગેરેમાં ઉપયોગ ન કર્યો તો છેવટે તેનો નાશ તો છે જ. એમાં પણ જો જીવતાં જીવતાં આપણું પુણ્ય ખૂટ્યું, તો આપણને પડતા અને રોતા મૂકીને લક્ષ્મી ચાલી પણ જાય

છે. મુનિએ આગળ ઉપદેશ આપતાં કહ્યું કે અર્થ એ સકલ અનર્થોનું મૂળ છે. આ પૈસાનો મોહ જ દુનિયામાં માનવ પાસે ઘણાં બધાં પાપ કરાવે છે. લક્ષ્મી તો પુણ્ય હોય તો મળે, નહિ તો ગમે તેટલી મહેનત અને પાપો કરવા છતાં પણ મલતી નથી. મુનિરાજે વધુ ઉપદેશ આપતાં કહ્યું કે વેપારનું ફળ ધનપ્રાપ્તિ અને ધનપ્રાપ્તિનું ફળ દાન છે. મને આ મુનિનો ઉપદેશ હાડોહાડ લાગી આવ્યો છે તેથી આજથી છૂટા હાથે દાન દેવાનો વિચાર કર્યો છે. આ દુનિયામાં દાન આપવાનાં ઉત્તમમાં ઉત્તમ સ્થાન સાત છે. જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. આ સાત ક્ષેત્રોમાં આપેલું ધન અનંત પુણ્યનો હેતુ બને છે, અને પરંપરાએ શાશ્વત સુખનું કારણ બને છે. તે સિવાય દીનદુઃખી અને અનાથને આપેલું દાન પણ પુણ્યનો હેતુ બને છે. આ દુનિયામાં લક્ષ્મીના પૂજકો તો ઘણાયે હોય છે, પરંતુ તેના દ્વારા પુણ્યનું ઉપાર્જન કરી લેનારા અને દુઃખીના દુઃખ દૂર કરનારા થોડાક જ હોય છે. નાશવંત લક્ષ્મી દ્વારા શાશ્વત ધર્મ કમાઈ લેવો જોઈએ. પાપ બંધ કરાવનારી લક્ષ્મીને પુણ્યબંધનો હેતુ બનાવવી જોઈએ. અત્યાર સુધી ધનમૂઢ એવા મેં કંઈ પર પરલોક સુધરે એવું એકે કામ કર્યું નહિ. માત્ર લક્ષ્મીનો ચોકીદાર બની બેઠો. પરંતુ મારા નસીબ જાગતાં હતાં તેથી ઉત્તમ મુનિનો સમાગમ થઈ ગયો અને હું મોહનિદ્રામાંથી

વેળાસર જાગ્યો. નહિ તો મારું મર્યા પછી શું થાત ?

હું જન્મ્યો ત્યારે ખાલી હાથ આવેલો અને મરીશ ત્યારે પણ ખાલી હાથ જવાનો. તો શા માટે લક્ષ્મીનો મોહ છોડી પુણ્યકમાણી ન કરી લઉં ! શાસ્ત્રમાં પણ કહ્યું છે કે લક્ષ્મીની શોભા દાન છે અને ધનની શોભા સુપાત્ર છે. બીજું, જે ધનવાન હોવા છતાં કૃપણત્વના કારણે દાન દેતો નથી તેનું પ્રભાતમાં કોઈ નામ પણ લેતું નથી. તેનું પ્રભાતમાં નામ લેવું અમાંગલિક ગણાય છે. દાતારનું નામ તો સૌ સવારે લે છે. કૃપણ આદમીનું તો સવારે કોઈ મોંઢું પણ જોતું નથી. કૃપણ તો સર્વત્ર અપયશનું જ ભાજન બને છે. કૃપણમાં શોષણવૃત્તિ જ પ્રધાનપણે હોય છે. આ દુનિયાને લોકોનું શોષણ કરનારો ગમતો નથી, પણ પોષણ કરનારો ગમે છે. બીજું, કૃપણથી કીર્તિ સો ગાઉ દૂર જ રહે છે. જ્યારે ઉદાર પાસે કીર્તિ તેની કામિનીની જેમ પાસે ને પાસે રહે છે. ઉદારતા અને કીર્તિ શરીર અને છાયાની માફક સાથે ને સાથે રહે છે.

નકલી ધનકર્મા પુત્રોને કહે છે કે મુનિવચનના ઉપકારથી ધનધાન્યાદિમાં હું મોહરહિત થયો છું. અત્યાર સુધી કૃપણતાના કારણે મારો જન્મ દુર્ગતિના પોષણ માટે થયો. તમને પણ મેં દાન દેતાં, ભોગ ભોગવતાં મહાઅંતરાય કર્યા. હવે હું મુનિના ઉપદેશથી દાનરુચિવાળો બન્યો છું. તેથી હવે દાન દેવાનો

આજથી નિશ્ચય કર્યો છે. તમને પણ પુનઃ કહું છું કે તમે પણ ઈચ્છા મુજબ દાન આપો અને ઈચ્છા મુજબ ભોગ ભોગવો.

આ પ્રમાણે અસલી ધનકર્માના પુત્રોને અને કુટુંબને કહીને નકલી ધનકર્મા શેઠ દીન-દુઃખીને છૂટે હાથે દાન દેવા માંડ્યા. સીદાતા સાધર્મિકોને ધંધો કરવા ધન આપ્યું. સાત ક્ષેત્રોમાં લાખો રૂપિયાનો સદ્વ્યય કર્યો. થોડાક જ દિવસોમાં આ નકલી ધનકર્માએ આઠ કરોડનું ધન શુભ કાર્યમાં ખર્ચી નાંખ્યું.

નગરમાં સુંદર વસ્ત્રો અને અલંકારો પહેરીને, કોઈક વાર રથમાં બેસીને તો કોઈક વાર ઘોડા પર બેસને ફરવા જાય છે. એક વાર રસ્તામાં પોતાનો લંગોટિયો બાળ-મિત્ર ભેટી ગયો. તે ધનકર્મા શેઠને પૂછે કે હે પ્રિય મિત્ર ! હમણાં તું આટલો બધો ઉદાર ક્યાંથી બની ગયો ? પહેલાં તો તું ખૂબ જ કંજુસ હતો. કોઈને એક રાતી પાઈ પણ આપતો નહિ, અને હવે તો તું કરોડો રૂપિયાનું ધન દે છે તેથી મને ખૂબ જ આશ્ચર્ય થાય છે. કેમ કે મોટે-ભાગે પ્રાણ અને પ્રકૃતિ માણસની સાથે જ જાય છે. જન્મજાત તારી કૃપણ પ્રકૃતિમાં એકદમ પલટો શાથી આવ્યો તે મને ખુલ્લા દિલે કહે. ત્યારે નકલી ધનકર્મા કહે છે કે મુનિના સમાગમ અને ઉપદેશથી મારી પ્રકૃતિમાં પલટો આવ્યો છે. નિઃસ્પૃહી ત્યાગી મુનિના ઉપદેશથી

કોનું જીવન ન પલટાય ? પૂર્વના કાળમાં પણ કાલકુમાર, દૃઢપ્રહારી, ચિલાતિપુત્ર, ધનસંચય શેઠ જેવા ઘણાયે મુનિઓના સમાગમથી પ્રતિબોધ પામી પરમ પદના ભોક્તા બનેલા સાંભળ્યા છે. સાત વ્યસનમાં પૂરા અને અત્યંત ક્રૂર હૃદયવાળા પણ સત્સમાગમથી સુધર્યા અને સદ્‌ગતિને પામ્યા છે. જ્યારે મારામાં તો માત્ર એક કૃપણતાનો જ દોષ હતો તે મુનિસમાગમથી ગયો તેમાં શું નવાઈ છે ? નગરના લોકો પરસ્પર વાતો કરે છે કે આ ધનકર્મા શેઠને ખરેખર ધન્ય છે કે જેની પૂંઠે જન્મથી લાગેલી કૃપણતા ગઈ. આપણા જેવાની મતિ ક્યારે સુધરશે ? આ પ્રમાણે નગરના લોકો ધનકર્મા શેઠની ખૂબ પ્રશંસા કરે છે.

કેટલાક લોકો એમ પણ બોલે છે કે આ શેઠનું મરણ નજીક આવ્યું લાગે છે. એકદમ એથી જ તેના સ્વભાવમાં ફેરફાર થયો લાગે છે, નહિ તો જન્મથી કૃપણ સ્વભાવવાળો એકદમ અતિ ઉદાર પ્રકૃતિવાળો બની જાય એ વાત અસંભવિત લાગે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે જે મનુષ્યની જન્મજાત પ્રકૃતિમાં એકદમ પરિવર્તન આવેલું જણાય તો જાણવું કે હવે થોડાક જ દિવસનો આ દુનિયાનો મહેમાન છે.

આમ નગરમાં જે લોકોને જેમ ઠીક લાગે તેમ જુદું જુદું બોલે છે. લોકોનાં મોંઢા ઓછાં બંધ કરાય છે ?

એક વાર આ નકલી ધનકર્મા શેઠ રાજસભાને યોગ્ય ઉત્તમ વસ્ત્રો અને અલંકારોથી સજ્જ થઈને કિંમતી ભેટણું લઈને રાજસભામાં ગયા. રાજાને નમસ્કાર કરી તેની આગળ ભેટણું ધર્યું. રાજા પણ અતિમૂલ્યવાન ભેટણું જોઈને આ શેઠ પર ખૂબ જ પ્રસન્ન થયો અને તેને ખૂબ જ આદર આપ્યો. રાજાને પણ આ જન્મજાત કંજુસ શેઠમાં આટલી બધી ઉદારતાં ક્યાંથી આવી એમ જાણવાની જિજ્ઞાસા થતાં શેઠને રાજાએ પૂછ્યું કે હે શેઠ ! તમારા જીવનમાં આમ એકાએક ઉદારતા ક્યાંથી આવી ? પહેલાં તો લોકો પગલે પગલે તમારી કૃપણતાની નિંદા કરતા હતા. હમણાં તો નગરમાં પણ ચોરે ને ચૌટે તમારી ઉદારતાનાં લોકો ખૂબ જ ગુણગાન ગાતા ફરે છે. માટે આમાં રહસ્ય શું છે ? તે સત્ય કહો. નકલી ધનકર્મા શેઠે રાજાને પણ મુનિના ઉપદેશનું જ કારણ બતાવ્યું.

આ સાંભળીને રાજા પણ ચિત્તમાં ચમત્કાર પામ્યો અને કહેવા લાગ્યો કે જીવની સાચી ગતિ તો સર્વજ્ઞ સિવાય કોણ જાણી શકે ? પછી રાજાએ શેઠનો યોગ્ય સત્કાર કરી કહ્યું કે અમારે લાયક કંઈ પણ કાર્ય હોય તો સુખેથી જણાવવું, જરાયે શંકા રાખવી નહિ. આ પ્રમાણે શેઠને સંતોષ પમાડી પોતાના ઘેર મોકલ્યા.

હવે આ નકલી ધનકર્મા શેઠ વિચાર કરે છે કે દાનથી શું કામ થતું નથી ? દાનથી તો દુશ્મન પણ દોસ્ત બની જાય છે, નિંદકો પણ પ્રશંસકો બની જાય છે, દાનના માટે કોઈ વસ્તુ દૂર નથી. દાનથી યશ, કીર્તિ, પુણ્ય વધે છે અને સદ્‌ગતિ સગી થતી આવે છે. લોકપ્રિયતા દાનીની દાસી બની જાય છે. અરે સ્વર્ગના દેવો પણ દાનથી અનુકૂલ બની જાય છે, તો મનુષ્યોનું તો શું પૂછવું ?

ધનકર્મા શેઠની કીર્તિ ઘેર-ઘેર, રસ્તે-રસ્તે, ગામોગામ યાચકોના મુખથી ગવાવા માંડી અને સર્વત્ર ખૂબ જ પ્રસિદ્ધ થયો.

હવે આ બાજુ જોઈએ કે પેલા મૂળ ધનકર્મા શેઠનું શું થયું ?

અસલી ધનકર્મા શેઠ જે ગામમાં ગયેલા છે ત્યાં લક્ષ્મીપુરનો એક યાચક ફરતો ફરતો પહોંચ્યો. આ યાચકને નકલી ધનકર્મા શેઠે તેની માગણીથી અધિક ધન, વસ્ત્રો વગેરે આપેલાં તેથી ખૂબ જ ખુશ થયેલો ધનકર્મા શેઠનાં ઠેર ઠેર વખાણ કરતો ફરે છે. એકવાર અસલી ધનકર્મા અને આ યાચક બંને એક જ દુકાન પર ભેટી પડ્યા. વાતમાં વાત

નીકળતાં આ યાચકે મૂળ ધનકર્મા શેઠને કહ્યું કે : હે શેઠ ! હમણાં તો લક્ષ્મીપુર નગરમાં ધનકર્મા નામના શેઠ રહે છે તેમણે તો દાનમાં કર્ણ, બલિરાજા અને કુબેરને પણ ઝાંખા પાડી દીધા છે. વર્તમાન દુનિયામાં આના જેવો બીજો કોઈ દાનવીર જોયો નથી કે સાંભળ્યો નથી. જેણે મારા જેવા હજારો અને લાખો દીન-દુઃખિયારાઓનાં દુઃખ દૂર કર્યાં છે. એની જનેતાએ આવો દાનવીર આ એક જ જાણ્યો છે. આવો સમસ્ત દાનવીરોમાં શિરોમણિ બીજો થયો નથી, થતો નથી અને થશે પણ નહિ. આના દાનગુણની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ખુદ બ્રહ્મા પણ તેના દાનગુણનું વર્ણન કરવા સમર્થ નથી.

અસલી ધનકર્મા શેઠ આ યાચકના મુખેથી પોતાની આટલી બધી પ્રશંસા સાંભળીને આશ્ચર્ય ચકિત થઈ ગયા. અને વિચાર કરવા લાગ્યા કે મારા નગરમાં સર્વથી મોટો ધનવાન તો હું જ છું, અને ધનકર્મા પણ હું એક જ છું. અત્યાર સુધી મેં મારા નગરમાં મારા નામનો મારા જેવો ધનવાન બીજો જોયો નથી અને કદીયે સાંભળ્યોયે નથી. અને હું તો છેલ્લા સાત-આઠ દિવસથી તો ગામમાં જ છું. તો આ યાચક જે ધનકર્માની ખૂબ પ્રશંસા કરે છે, તે કોઈ બહાર ગામથી આવેલો છે કે કેમ ? તેથી શંકા પડતાં અસલી કંજુસ ધનકર્મા શેઠે યાચકને પૂછ્યું કે તું જે ધનકર્માની વાત કુલી

ફુલીને ઉછળી-ઉછળીને કરે છે તે ક્યા ગામથી આવેલો છે ? યાચકે કહ્યું : આવેલો આવેલો છે શું બોલે છે ? તે તો લક્ષ્મીપુરનગરના મૂળ નિવાસી અને અમુક મહોલ્લામાં રહે છે. રૂપ અને આકારમાં તો આબેહૂબ તમારા જેવા જ છે. પરંતુ ગુણોમાં તો તમારાથી અને દેવોથી પણ ઘણા ચડિયાતા છે.

યાચકની આ પ્રમાણેની વાત સાંભળી શેઠના દિલમાં ખૂબ જ ધ્રાસ્કો પડ્યો. આ હું શું સાંભળી રહ્યો છું ? શું હું સ્વપ્નમાં તો આ વાત સાંભળતો નથી ને ? શું ત્યારે આ વાત સત્ય હશે ? મારા આખા નગરમાં તો મારા સમાન બીજો કોઈ જ નથી. તો પછી મારા જ મહોલ્લામાં આ બીજો ધનકર્મા ક્યાંથી આવ્યો ? તેથી શંકા પડતાં પુનઃ પેલા યાચકને પૂછ્યું કે, હે યાચક તું જે વાત કરે છે તે મારા મગજમાં બેસતી નથી. તેથી હું તને ફરીથી પૂછું છું. કેમકે યાચકોને એક જબાન નથી હોતી, યાચક સો જીભવાળો હોય છે. પ્રસંગે પ્રસંગે, ક્ષણે ક્ષણે વ્યક્તિદીઠ જુદું જુદું બોલનારા હોય છે. તમારી જાતિનો આવો સ્વભાવ હોય છે, તેથી તેં જે વાત મને કરી તે વાત કોઈના મોંઢે સાંભળીને કરી સાક્ષાત તેં જોઈને કરી ? અથવા ભાંગ પીને તો બકતો નથી ને ? કેમ કે તે મહોલ્લામાં મુખ્ય તો હું જ છું. મારા નામનો કે મારા જેવા ધનવાન તે નગરમાં મારા સિવાય બીજો કોઈ રહેતો નથી.

હું પોતે જ તે નગરનો નિવાસી ધનકર્મા છું. કામ પ્રસંગે હું અહીં સાત-આઠ દિવસથી આવેલો છું, તેથી તારી કહેલી વાત સાચી કેમ મનાય ? યાચકે કહ્યું-શેઠ ! શું કામ મારી સાથે નકામો વિવાદ કરો છો ? અમે યાચકો સત્ય બોલનારા છીએ. જેવું જોઈએ છીએ તેવું અમે બોલીએ છીએ. હૃદયમાં જુદું અને મુખમાં જુદું એ તો તમારી વાણિયાની જાતને વિધાતાએ બોલવાનું આપેલું છે, અમને નહિ. અને જો મારી વાતમાં તમને શંકા પડતી હોય તો ત્યાં જાતે જઈને જોઈ આવો, જેથી સત્ય વાત સમજાઈ જશે.

પરંતુ એક વાત મેં તે નગરમાં ફરતાં સાંભળી કે પહેલાં આ ધનકર્મા શેઠ ખૂબ જ કંજુસ હતા, પરંતુ હમણાં તો ખૂબ જ ઉદાર બની ગયા છે અને છૂટે હાથે દીનદુઃખીને ધન આપે છે. માટે હે શેઠ ! મેં જે કહ્યું છે ત સત્ય જ જાણવું. અમારે જૂઠું બોલીને તમારી પાસેથી શું લેવું છે ? જેવું જોયું તેવું તમને કહ્યું. મરચું-મીઠું ભભરાવીને જરાયે મેં તમને ઓછી-વત્તી વાત કરી નથી. તમારું કલ્યાણ થાઓ. હું હવે અહીંથી જોઉં છું. એમ કહીને યાચક તો પોતાના સ્થાને ગયો. પણ ધનકર્માના હૃદયમાં તો ઉલ્કાપાત મચી ગયો. યાચકની વાત સાંભળીને શેઠના હૃદયમાં તો મોટો ધ્રાસ્કો પડ્યો. યાચકની વાત સાવ જુથી તો નથી લાગતી, કંઈક તેમાં તથ્ય છે. તેથી અહીંથી હું ત્યાં જલ્દી જાઉં અને તપાસ કરું કે આ વાત વળી

શું છે ? જો વાતમાં કંઈ વજુદ નહિ હોય તો પુનઃ પાછો અહીં આવીશ અને બાકી રહેલું કામ પૂરું કરીશ, પણ હમણાં તો હું ત્યાં જાઉં ! આ પ્રમાણે વિચારીને શેઠ થોડોક દિવસ બાકી હતો ત્યારે ત્યાંથી ચાલ્યો. રસ્તામાં ગામ આવ્યું ત્યાં રાતવાસો રોકાયો, પરંતુ ચિત્તમાં ચિંતા હોવાથી શેઠને ઊંઘ ન આવી. ચિંતામાં ને ચિંતામાં રાત વીતાવીને પ્રભાત થતાં પોતાના લક્ષ્મીપુરનગર તરફ ચાલ્યો.

આ બાજુ કપટી ધનકર્માને દેવીએ આપેલા વરદાનના પ્રભાવે અસલી ધનકર્મા અહીં આજે આવી રહ્યો છે તેની ખબર પડી ગઈ. તેથી અગાઉથી જ હવેલીના દ્વારપાળોને કહી રાખ્યું કે હે દ્વારરક્ષકો ! આજકાલ નગરમાં બહુરૂપી ધૂતારાઓ ઘણા આવેલા છે. તે લોકોને વિવિધ ધૂર્તકલાથી ઠગે છે. કેટલાક તો કોઈના ઘરના માલિક જેવું રૂપ બનાવીને તેના ઘરમાં ઘૂસીને ઘરમાંથી કિંમતી માલ લઈને રફુચક્કર થઈ જાય છે. માટે તમારે ખૂબ સાવધાન થઈ રહેવું. કોઈ પણ ધૂર્તને અહીં પેસવા દેવો નહિ, આવે તો અપમાન કરી મારીપીટીને કાઢી મૂકવો.

હવે મધ્યાહ્ન થતાં અસલી ધનકર્મા શેઠે લક્ષ્મીપુરનગરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાં નગરના લોકોએ તેને જોયો. જોઈને પરસ્પર એકબીજાના કાનની પાસે જઈને

ધીરેથી કહેવા લાગ્યા કે અહો ! આજે વળી આ શું આશ્ચર્ય ! આજે ધનકર્મા શેઠ ફરીથી પોતાનો કંગાળ જેવો વેષ પહેરી, પગે ચાલતા ક્યાંથી આવી રહ્યા છે ? ત્યારે વચ્ચે એક માણસે કહ્યું કે આ ધનકર્મા નથી, પણ ધનકર્મા જેવા સમાન રૂપવાળો કોઈ વટેમાર્ગુ જાય છે. બીજા માણસે કહ્યું કે, તું સાચું કહે છે, કેમ કે આજે સવારે જ મેં પાલખીમાં બેસીને અનેક સેવકોથી આડંબરપૂર્વક જતા ધનકર્મા શેઠને જોયા છે. ત્યારે ત્રીજો માણસ બોલ્યા કે ખરેખર ! ધનકર્મા તો આ જ છે. કેમ કે તેને જોતાં જોતાં તો મારો આખો જન્મારો વીતી ગયો છે. અને જો મારી વાત ખોટી પડે તો શર્ત લગાવીએ. આમ વિવિધ વાતો કરતા લોકોને ધનકર્મા સાંભળી રહ્યો છે. અસલી ધનકર્મા લોકોની વાતો સાંભળીને શંકાશીલ બની વિચાર કરે છે કે જરૂર કંઈક દાળમાં કાળું દેખાય છે. તેથી એક વાર મને મારા ઘેર જલ્દી જવા દે. ત્યાં પહોંચીને પછી બધી તપાસ કરાવીશ. એમ વિચારીને તરત પોતાના ઘરના આંગણામાં આવ્યો, પણ ઘરના નોકરો કોઈ ઊભા થતા નથી, તેને નમસ્કાર કરતા નથી તેથી નોકરો પર ગુસ્સો કરતો જ્યાં ઘરમાં પેસવા જાય છે ત્યાં દ્વારપાળો તેને કહે છે કે તું ક્યાં જાય છે ? કોના ઘરમાં ઘૂસે છે ? પારકા ઘરમાં પેસતાં તને શરમ નથી આવતી ? આમ પોતાના ઘરના જ નોકરોનું આવા પ્રકારનું ઉદ્ધત વર્તન જોઈને ધનકર્મા શેઠ તો ડઘાઈ જ ગયા.

થોડાક જ દિવસોમાં મારા પોષેલા, પ્રેમથી રાખેલા વફાદાર નોકરોમાં આવું એકાએક પરિવર્તન કેમ આવ્યું તે જોઈને બાઘા જેવા બની ગયા.

પછી પોતાના એક ખાસ વિશ્વાસુ નોકરને કહ્યું કે - તું પણ શું મને ઓળખતો નથી ? તને તો મારી સેવા કરતાં કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં ને ? કેમ તારી અને આ બધાઓની આજે મતિ ફરી ગઈ લાગે છે ? ત્યારે ગુસ્સામાં આવેલા નોકરોએ કહ્યું કે-અમારી તો મતિ ફરી નથી, પણ તારી મતિ ફરી ગઈ લાગે છે. માટે હે ધૂર્ત ! અહીંથી જલ્દી ચાલ્યો જા, નહિ તો મેથીપાક ચખાડીશું. તારી ધૂર્તકલા બીજાઓ આગળ બતાવજે. અમારી આગળ તારી ધૂર્તકલા નહીં ચાલે. અમે તો તને પહેલેથી ઓળખી ગયા છીએ. ज्ञातो ग्रहो न पीडयति । જાણેલો ગ્રહ પીડતો નથી. ત્યારે ધનકર્મા બોલ્યા કે શું તમે બધા જ સ્વામિદ્રોહી બની ગયા છો ? સાત-આઠ દિવસમાં પોતાના માલિકને પણ ભૂલી ગયા કે શું ? ત્યારે નોકરોએ કહ્યું કે તું કોનો માલિક અને કોણ તારા સેવકો ? શું બક બક કરે છે ? અમારો માલિક તો ઘરમાં બેસી મોજ કરે છે. તું તો કોઈ ધૂતારો લાગે છે અને ધૂર્તકલાથી કોઈના ઘરમાં ચોરી કરવા આવ્યો છે અમારા માલિકે તો અમને પહેલેથી જ ચેતવણી આપી દીધી હતી કે આજકાલ ઘણા ઠગો આ

નગરમાં આવેલા છે માટે તું અહીંથી જલદી ભાગી જા. જો અમારા માલિક (શેઠ) ને માલુમ પડશે કે અહીં કોઈ ધૂર્ત આવ્યો છે તો તારી રેવડી દાણાદાર કરી નાંખશે.

આમ મૂળ માલિક અને નોકરો વચ્ચે વાદવિવાદ થતો સાંભળી પાડોશીઓ ત્યાં ભેગા થઈ ગયાં. ધનકર્મા શેઠે પોતાના પરિચિત પાડોશીઓને જોઈને કહ્યું કે હે બંધુઓ ! જુઓ તો ખરા ! આ મારો નોકરો મને સાત-આઠ દિવસમાં જાણે ભૂલી ગયા હોય તેમ મને ઘરમાં પેસતાં રોકે છે. તમને બધાંને તો ખબર છે કે અમુક કામકાજ અંગે હું સાત-આઠ દિવસ માટે બહારગામ ગયો હતો. ધનકર્મા શેઠનો ચહેરો, ભાષા અને વેષ પરથી પાડોશીઓ પણ ભ્રમમાં પડી ગયા કે સાચો ધનકર્મા આ કે ઘરમાં બેઠો છે તે ? આ ધનકર્મા જે કહે છે તે પણ સાચું લાગે છે અને ઘરમાં બેઠેલો જે કહે છે તે પણ સાચું લાગે છે. તો આ બંનેમાં સાચો કોણ ? અને ખોટો કોણ ? વિશિષ્ટ જ્ઞાની વિના આ સાચા-ખોટાનો ભેદ કોણ જાણી શકે ?

ત્યારે એક પાડોશી બોલ્યો કે આપણે એમ કરીએ- બંનેને સાથે ઊભા રાખી સાચા-ખોટાની પરીક્ષા કરીએ. ત્યારે વચમાં ધનકર્મા શેઠના નોકરો બોલી ઊઠ્યા કે તમે લોકો શું સમજો ? સાચા શેઠના નોકરો બોલી ઊઠ્યા કે તમે લોકો શું

સમજો ? સાચા શેઠ તો ઘરમાં બેસી આનંદ કરે છે આ તો કોઈ ધૂર્ત આવેલો છે. ત્યારે એક ડાહ્યો માણસ બોલ્યો કે, બંધુઓ ! મને તો આ બહારગામથી આવેલો જ સાચો ધનકર્મા લાગે છે. કેમ કે પ્રાણ અને પ્રકૃતિ બંને સાથે જ જાય. કદાચ કોઈ ઉત્તમ મહાત્માનો ઉપદેશ સાંભળી પ્રકૃતિમાં થોડોક ફરક પડે, પરંતુ મૂળથી પ્રકૃતિ માણસની ન જાય. માટે મૂળ પ્રકૃતિથી આ બહારગામથી આવેલો જ સાચો ધનકર્મા જણાય છે. પેલો ઘરમાં રહેલો તો પ્રકૃતિથી તદ્દન જુદો જ જણાય છે. કદાચ કૃપણ માણસ ગુરુના ઉપદેશથી દાન આપે તો પણ પાત્ર-અપાત્ર, યોગ્ય-અયોગ્યનો વિવેક કરી, જેને જેટલું આપવા જેવું હોય તેટલું જ આપે, પરંતુ જેમતેમ ધન ઉડાવે નહિ. જ્યારે ઘરમાં બેઠેલો ધનકર્મા તો આંખો મીંચીને યોગ્ય-અયોગ્ય, પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વગર દાન આપ્યા કરે છે. માટે મને તો આ જ સાચો ધનકર્મા જણાય છે.

આ પ્રમાણેનો ઘરની બહાર કોલાહલ મચેલો જાણીને ઘરમાંથી ધનકર્મા શેઠનો મોટો પુત્ર બહાર આવ્યો. પોતાના મોટા પુત્રને જોઈને ધનકર્મા શેઠે કહ્યું કે તેં કોને ઘરમાં ઘાલ્યો છે ? તારો બાપ તો હું છું. તેં વળી નવો બાપ કોને બનાવ્યો છે ? આ પ્રમાણે સાંભળીને ક્ષણભર મોટો દીકરો પણ ભ્રમમાં પડી ગયો, કે આ શું બધું ધતિંગ છે ?

મોટા દીકરાએ તરત ઘરમાં જઈને નકલી ધનકર્માની આગળ બધી વાત કરી. નકલી ધનકર્મા શેઠે મોટા પુત્રને કહ્યું કે, મેં ગઈકાલે તમને બધાને કહ્યું નહોતું કે આજકાલ નગરમાં ધૂતારાઓ ઘણા આવેલા છે, તેથી આ કોઈ ધૂતારો ફરતો ફરતો અહીં આવેલો જણાય છે.

મોટો પુત્ર કહે છે કે હે પૂજ્ય પિતાજી ! આપ જરા ઘરની બહાર આવીને તે ધૂતારાને જુઓ તો ખરા ! આકૃતિ તો તમારી અને તેની એકસરખી લાગે છે.

નકલી ધનકર્મા શેઠ ઘરની બહાર આવ્યા કે તરત બધા નોકરો હાથ જોડી ઊભા થઈ ગયા. નકલી શેઠે અસલી શેઠને પૂછ્યું કે તું ક્યાંથી આવ્યો છે ? હે ધૂર્ત ! તું કોના ઘરમાં ઘૂસવા માંગે છે ? અસલી શેઠ નકલી શેઠને કહે છે- હું જ આ ઘરનો માલિક છું. આ બધી સંપત્તિ મેં ઘણા કષ્ટે મેળવી છે. પરંતુ તું કોણ છે ? ક્યાંથી આવેલો છે ? શા માટે કપટકલાથી મારા ઘરમાં ઘૂસીને મારી સંપત્તિને જેમતેમ લૂંટાવે છે ? માટે તું અહીંથી બહાર નીકળ અને ચાલ મારી સાથે ચૌટામાં, ત્યાં મહાજન ભેગું કરીને સત્યાસત્યનો ન્યાય કરાવીએ. ત્યારે નકલી શેઠે કહ્યું કે આખી દુનિયા જાણે છે કે ઘરમાં રહેલો સાચો છે અને ઘરની બહાર રહેલો ખોટો છે. છતાં તારી એવી જ ઈચ્છા હોય તો ચાલ નગરના રાજાની

પાસે. ત્યાં જઈ ન્યાય કરાવીએ. આમ બંને અસલી અને નકલી શેઠો વાદવિવાદ કરતા બજારમાં પહોંચ્યા. ત્યાં મહાજનને ભેગું કરી પોતપોતાની વાત રજૂ કરી. આ બંને શેઠોની વિચિત્ર સાંભળી મહાજન પણ વિચારમાં પડી ગયું. દુર્જનો આ વિવાદ સાંભળી ઊભા ઊભા હસે છે, જ્યારે સજ્જનો ખેદ પામ્યા. વિચિત્ર કર્મ પરિણામ સંસારી જીવોને કેવા નચાવે છે, કેવા હસાવે છે, કેવા રડાવે છે ? અસલી ધનકર્મા શેઠના દિલમાં તો દુઃખનો કોઈ પાર નથી. હવે શું થશે ? શો ન્યાય મળશે તેની ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર પણ ઊતરી ગયું છે. મોં પર ચિંતાની રેખાઓ ઊપસી આવી છે, મોં પડી ગયું છે.

મહાજને વિચાર કર્યો કે આ બંનેનો ન્યાય કેવી રીતે કરવો ? કેમ કે બંનેના ચહેરા, ભાષા, અનુભવ, ઉંમર, ચાલ, હાવભાવ એકસરખા છે. અંશમાત્ર પણ ફરક નથી. ત્યારે એક નિપુણમતિવાળા માણસે કહ્યું કે તેઓના પુત્રોને બોલાવી તેઓએ પૂર્વે અનુભવેલી વાતોનો જે સત્ય જવાબ આપે તે સાચો, બીજો જૂઠો. તેથી મહાજને માણસ મોકલી તેઓના પુત્રોને ઘેરથી બોલાવ્યા અને કહ્યું કે તમે આ બંનેને તમારા ઘરની બની ગયેલી વાતો, ગુપ્ત વાતો, ગુપ્ત ધન વગેરેની બાબતો પૂછો. જે બરાબર જવાબ આપે તે સાચો જાણવો. તેથી ધનકર્માના પુત્રોએ બંનેને અલગ અલગ બોલાવી મહાજન

સમક્ષ બધું પૂછ્યું. બંનેએ બધી પૂછેલી વાતો અક્ષરશઃ સાચી કહી બતાવી. નકલી ધનકર્માએ દેવીએ આપેલા વરદાનના પ્રભાવે ચૂડામણિ શાસ્ત્ર જોઈને બધા પ્રશ્નોના જવાબ સાચા આપ્યા, તેથી મહાજન મુંઝાયું અને ફેંસલો કર્યો કે જ્યાં સુધી આ બંનેમાં સાચું કોણ છે અને નકલી કોણ છે તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી બંનેમાંથી કોઈએ પણ ઘરમાં પ્રવેશ કરવો નહિ. મહાજનનો ફેંસલો અનિચ્છાએ પણ બંનેને મંજૂર રાખવો પડ્યો. હવે બંને શેઠ રોજ પરસ્પર ઝઘડે છે, બોલાચાલી કરે છે, એકબીજા પર ખોટા આળકલંક ચઢાવે છે. તેથી નગરના લોકો પણ આ રોજના કલહથી કંટાળી ગયા. તેથી નગરના લોકોએ ભેગા થઈ પેલા બંને શેઠોને કહ્યું કે તમે મહેરબાની કરી ન્યાય કરાવવા રાજાના દરબારમાં જાઓ. રાજાના પુણ્યપ્રભાવથી, તેના બુદ્ધિબળથી તમારો ન્યાય થઈ જશે. લોકોના કહેવાથી બંને રાજસભામાં ન્યાય કરાવવા ગયા. રાજાને બંને શેઠોએ પ્રથમ પ્રણામ કરીને પોતપોતાના દુઃખની વાત કરી. રાજા પણ બંનેનો સમાન આકાર, સમાન ભાષા વગેરે જાણીને વિચારમાં પડી ગયો. તેથી મંત્રીને બોલાવી રાજાએ કહ્યું, તું આ બંનેનો ન્યાય કર. મંત્રીએ આ બંનેને અનેક જાતના અટાપટા પ્રશ્નો પૂછ્યા, ઘણી યુક્તિઓ લડાવી પણ મંત્રી પારખી શક્યો નહિ કે આ બેમાં સાચો કોણ છે ?

તેથી મંત્રીએ રાજા પાસે જઈને કહ્યું કે અમારી બુદ્ધિ આ વિષયમાં ચાલતી નથી. તેથી આ લોકોનો ન્યાય કેમ કરવો એ એક મોટી સમસ્યા છે. આ બંને શેઠોએ તો અમારો બુદ્ધિનો ગર્વ ઉતારી નાંખ્યો. મંત્રીની બુદ્ધિ ન્યાય કરવામાં નિષ્ફળ જતાં રાજા ખૂબ ખેદ પામ્યો. રાજાએ રાજસભામાં સભ્યો સમક્ષ કહ્યું કે બોલો, આ મારી સભામાં કોઈ માડીજાયો છે કે તે આ વિવાદનો સુખદ અંત લાવે ? ત્યારે બધા જ સભ્યો નીચું મોઢું રાખી બેસી રહ્યા. ત્યારે રાજા બોલ્યો કે જો આ વિવાદનો ફેસલો આ મારી સભા ન કરી શકે તો દુનિયામાં મારી આબરૂના કાંકરા થઈ જાય.

આ અવસરે એક ચતુર સભાસદ બોલ્યો કે હે સ્વામિન્ ! 'બહુરત્ના વસુન્ધરા' તેથી આ આપણા નગરમાંથી જ કોઈ દેવી કૃપાવાળો અથવા ચાર બુદ્ધિનો ધણી કોઈ નરરત્ન જરૂર મલી આવશે. માટે આપ નગરમાં ઢંઢેરો પીટાવો. જેથી આપણા પુણ્યપ્રભાવથી કોઈ પુરુષરત્ન જરૂર પ્રગટ થશે અને પટહનો સ્પર્શ કરશે.

સભાસદની યુક્તિયુક્ત વાત સાંભળીને રાજાએ તુરત આખા નગરમાં ઘોષણા કરાવી કે જે કોઈ નરરત્ન આ બંને શેઠોનો બરાબર ન્યાય કરશે તેને ધર્મકર્મા શેઠની સુંદર કન્યા આપવામાં આવશે.

રાજાના સેવકો આખા નગરમાં ઢંઢેરો પીટતા પીટતા સર્વત્ર ફરી રહ્યા છે. એટલામાં જ્યાં ધન્યકુમાર રહે છે ત્યાં ઢંઢેરો આવ્યો. ઢંઢેરાનો અવાજ મહેલના ઝરુખામાં બેઠેલા ધન્યકુમારે સાંભળીને જરાક સ્મિત કરીને રાજાના સભ્યોને કહ્યું કે શું તમારા રાજાની આટલી મોટી સભામાં કોઈએ પણ આ વિવાદનો ફેંસલો ન કર્યો ? ત્યારે સભ્યોએ કહ્યું- હે બુદ્ધિનિધાન ! તમારા જેવા અતુલ બુદ્ધિના ધણી સિવાય આ વિવાદનો ફેંસલો કોણ કરે ? પછી ધન્યકુમારે (શાલીભદ્રના બનેવી) પટડુનો સ્પર્શ કર્યો અને તરત રાજા પાસે ગયો. રાજા અગાઉથી જ તેના સમાચાર સાંભળીને ખૂબ પ્રસન્ન થયેલો હતો. સાક્ષાત સૂર્ય જેવા આ તેજસ્વી અને દેવકુમાર જેવા પુણ્યશાળી ધન્યકુમારને જોઈને રાજાના મનમાં પાકો વિશ્વાસ બેસી ગયો કે જરૂર આ નરરત્ન આ પેચિદા કેસનો ફેંસલો કરશે. ધન્યકુમારનો ખૂબ સત્કાર કરી તેને રાજાએ બહુમાનપૂર્વક પોતાની પાસે બેસાડ્યો અને બધી વિગત કહી. ધન્યકુમારે કહ્યું કે છે સ્વામિન ! આ જગતમાં સત્યધર્મ સમાન કોઈ બળવાન નથી. અર્થાત્ સત્યધર્મ જ બળવાન છે. જ્યાં ધર્મ છે ત્યાં જય છે. માટે આ વિવાદનો ફેંસલો સત્યધર્મ જ કરશે. તેથી આ બંને શેઠોને પ્રથમ સ્નાન કરાવો અને પછી હું કહું એ પ્રમાણે દિવ્ય કરવાનું કહો. તેમાં જે સાચો હશે તે સુખપૂર્વક દિવ્ય કરશે, જે જૂઠો હશે તે દિવ્ય નહિ કરી શકે. ધન્યકુમારના

કહ્યા મુજબ રાજાએ બંને શેઠોને સ્નાન કરાવી દિવ્ય કરવા કહ્યું. પછી ધન્યકુમારે એક સૂક્ષ્મ નાળચાવાળી ઝારી મંગાવી, તદ્દન નાનાં છિદ્રવાળી અને રાજસભામાં તેને મૂકી. નગરમાંથી ન્યાય જોવા લાખો લોકો અહીં ભેગા થયા છે. બધાના મનમાં ભારે આતુરતા છે કે આ ધન્યકુમાર શું ન્યાય આપશે ? આ શેઠો દિવ્ય કેવી રીતે કરે છે ? તેમાં કોણ વિજયી નીવડે છે ?

પછી સમાન આકારવાળા બંને ધનકર્મા શેઠોને સભામાં બોલાવ્યા. બંને આવીને રાજા સામે ઊભા રહ્યા. એટલે ધન્યકુમારે તેઓને કહ્યું કે-તમારા બંનેમાંથી જે કોઈ ધર્મના પ્રભાવથી આ ઝારીના નાળચામાં પેસીને બીજે મુખેથી બહાર નીકળશે તે સાચો ધનકર્મા ગણાશે. આ પ્રમાણે સાંભળીને નકલી ધનકર્મા મનમાં ખૂબ આનંદ પામ્યો અને વિચારવા લાગ્યો કે, બહુ સારું થયું. હું દેવીએ આપેલા વરદાનના પ્રભાવે આ નાની નળીમાં પેસીને બહાર નીકળી જઈશ અને સાચો ધનકર્મા ઠરીશ. પછી તો આ ધનકર્મા શેઠની મોટી હવેલી, અબજોની સંપત્તિ વગેરે બધું મારું જ છે ને ?

આ બાજુ દિવ્ય કરવાની વાત સાંભળતાં અસલી ધનકર્મા તો ભારે ચિંતામાં પડી ગયો અને વિચારવા લાગ્યો કે આ અતિ નાના નાળચામાં પેસવું અને નીકળવું એ બંને

અશક્ય છે, તેથી આ ન્યાયથી મારી શી વલે થશે ?

ધન્યકુમારે જ્યાં દિવ્ય કરવા કહ્યું કે નકલી ધનકર્મા તો દેવીની કૃપાથી તરત જ પોલાણવાળી નાની નળીમાં પેસીને નીકળી ગયો. બહાર નીકળીને મૂછમાં હસતો અને મનમાં મલકાતો જ્યાં રાજાના ચરણને સ્પર્શ કરવા ગયો કે તરત જ ધન્યકુમારે તેની ચોટલી પકડી લીધી. ધન્યકુમારને ચોક્કસ લાગ્યું કે આ કોઈ દેવ-દેવીના સાન્નિધ્યવાળો લાગે છે તેથી તેના શરીરમાં કોઈ દેવ-દેવીએ વાસ કર્યા લાગે છે, તેથી જ આ સૂક્ષ્મ શરીર બનાવીને નાના નાળચામાંથી તુરત નીકળી ગયો છે.

દેવાધિષ્ઠિત માણસની ચોટી પકડતાં તેનું પછી કાંઈ જોર ચાલતું નથી. ધન્યકુમારને ભૂતની ચોટી હાથમાં આવી ગઈ, અને સાચો ચોર પકડાઈ ગયો.

ધન્યકુમારે રાજાને કહ્યું કે હે મહારાજા ! આ જ કપટી ધનકર્મા છે અને આણે જ અસલી ધનકર્માની લક્ષ્મી જેમ-તેમ વાપરી નાંખી છે અને દેવીકૃપાથી પોતાની જાતને છુપાવેલી છે.

આ પ્રમાણે ધન્યકુમારનો ફેંસલો સાંભળીને રાજા અને આખું નગર ખૂબ જ ખુશ થયું અને બધા જ ધન્યકુમારની બુદ્ધિનાં ખૂબ વખાણ કરવા લાગ્યા.

રાજા આ કપટી ધનકર્મા ઉપર ખૂબ જ ગુસ્સે થઈ ગયો અને તેનો વધ કરવા સેવકોને આજ્ઞા કરી.

જ્યારે અસલી ધનકર્મા શેઠને પોતાના પક્ષમાં ન્યાય આવ્યો તેથી ખૂબ જ ખુશ થઈને રાજાનો અને ધન્યકુમારનો ખૂબ ઉપકાર માનવા લાગ્યા.

અંતે સત્યનો જ વિજય થાય છે તે આનું નામ. ધનકર્મા શેઠનું ભાગ્ય જાગતું હતું તેથી ધન્યકુમાર જેવો નરરત્ન સાચો ન્યાય કરનાર મળી ગયો. કપટ લાંબો વખત ચાલતું નથી.

હવે નકલી ધનકર્માનો વધ કરવાનો આદેશ થતાં રાજાના સુભટોએ તેને ગળેથી પકડ્યો, આ નકલી ધનકર્માને લાગ્યું કે હવે મારું કપટ ચાલવાનું નથી તેથી મારે મારું અસલી રૂપ પ્રગટ કરી દેવું જોઈએ, તેથી તેણે વિદ્યાના પ્રભાવે પોતાનું મૂળરૂપ પ્રગટ કરી રાજા આગળ ઊભો રહ્યો અને લોકો સમક્ષ તે બોલ્યો કે મારી વાત જરા ધ્યાન દઈ સાંભળવા કૃપા કરશો. તેથી રાજાએ તેને કહ્યું કે તારે જે કહેવું હોય તે સ્પષ્ટ કહે. તેથી મૂળથી બધી હકીકત તેણે કહેવા માંડી કે અમારી ભાટચારણોની મંડળીમાં કહેવામાં આવ્યું કે તું જો આ લક્ષ્મીપુરના મહાકંજુસ ધનકર્મા પાસેથી એક દિવસનો

નિર્વાહ થાય એટલું ભોજન લાવે તો ખરો. તેથી મેં ગર્વ સાથે કહ્યું કે એમાં શી મોટી વાત છે ? મારા માટે તો એ બચ્ચાનો ખેલ છે, તેથી મેં અમારી મંડળી વચ્ચે પ્રતિજ્ઞા કરી કે જો હું ધનકર્મા શેઠ પાસેથી એક દિવસનું ભોજન ન લાવું તો આજથી મારે તમારી મંડળીમાં પગેય મૂકવો નહિ અને તમારી મંડળીમાંથી મારે ભાગ પણ લેવો નહિ. આમ પ્રતિજ્ઞા કરીને હું સીધો ધનકર્મા શેઠના ઘેર ગયો. મેં શેઠની ખૂબ પ્રશંસા કરી એક દિવસનું ભોજન આપવા પ્રાર્થના કરી, પણ આ કંજુસ શેઠે મને કહ્યું કે આજે તો વેળા વીતી ગઈ છે, માટે કાલે આવજે. તેથી હું પાછો ગયો. પાછો બીજા દિવસે શેઠની ઘેર ગયો અને તેમની ખૂબ જ સ્તુતિ કરી ભોજન માગ્યું તો શેઠે મને કહ્યું કે હમણાં તો આજ છે, કાલ આવજે. મેં કહ્યું, તમારી કાલ ક્યારે આવશે કોણ જાણે ? શેઠ કહે - કાલ આવે ત્યારે આવજે. છતાં મેં આશામાં ને આશામાં બાર વર્ષ સુધી લગાતાર શેઠના ઘેર ભોજન લેવા રોજ ધક્કા ખાધા છતાં આ કંજુસ શેઠનો તો એક જ જવાબ - કે 'કાલે આવજે' તેથી મને શેઠ પર ખૂબ જ ગુસ્સો ચઢ્યો અને આને સીધો કરવા મેં દૃઢ સંકલ્પ કર્યો. પછી મેં ચંડિકાદેવીના મંદિરમાં જઈ ૨૧ ઉપવાસ કરી દેવીને પ્રસન્ન કરી અને દેવી પાસેથી વરદાન મેળવ્યું કે 'ગમે તેવું હું રૂપ કરી શકું અને ભૂતકાળની વાત જાણી શકું.' પછી મેં મારા ઘેર આવી પારણું કર્યું.

પછી જ્યારે આ ધનકર્મા શેઠે બહારગામ જવાનો પ્રોગ્રામ બનાવ્યો ત્યારે મેં લાગ જોઈને તેમનું રૂપ લીધું અને તેમના ઘેર જઈને તેમના પુત્રોને મેં અપશુકન થયા અને પાછા ફરતાં મુનિની દેશના સાંભળી, મારા હૃદયનું પરિવર્તન થયું વગેરે બનાવટી વાતો કરી વિશ્વાસ સંપાદન કર્યો. પછી મેં છૂટે હાથે દાન દેવાનું શરૂ કર્યું. આ પ્રમાણે હે મહારાજા ! મેં મારી પ્રતિજ્ઞા પૂરી કરવા આ તરકટ રચ્યું છે. મેં આ ધનકર્મા શેઠનું ધન દાનમાં વાપરી મેં એમની જ કીર્તિ અને નામ વધાર્યાં છે. મેં તો માત્ર તેના ઘરનું ભોજન જ આટલા દિવસ કર્યું છે.

આ પ્રમાણેનો આ ભાટનો નિખાલસ દિલનો એકરાર સાંભળી રાજા ભાટ પર પ્રસન્ન થયો અને તેની વધની સજા માફ કરી. રાજાએ કહ્યું કે તારા સિવાય આ શેઠનો ભયંકર કૃપણતાનો રોગ બીજો કોણ દૂર કરી શકે ? તું જ તેના કૃપણતાના રોગનો નાશ કરનાર ખરેખર રાજવૈદ્ય છે. આવાઓને તો આવી જ સજા થવી ઘટે.

આમાં તારો કાંઈ દોષ કે અપરાધ નથી. તેં બાર બાર વર્ષો સુધી તેના ઘેર ભોજન માટે ધક્કા ખાઈ ડઝન બંધ જોડા ઘસી નાંખ્યા છતાં આ શેઠનું દિલ જરાયે પીગળ્યું નહિ. કેટલું બધુ ક્રૂર હૃદય ! ખરેખર ! કૃપણનું હૃદય અત્યંત ક્રૂર હોય છે. ગમે તેનું, ગમે તેવું દુઃખ દેખી પણ તેના દિલમાં દયાનો ભાવ

પ્રગટતો નથી. આવી કૃપણતાને ધિક્કાર છે ! ધનના ઢગલા પાસે હોવા છતાં ઘરે આવેલા યાચકને રોટલો આપવાનું પણ દિલ થતું નથી તેવા ધનવાનો તો આ ધરતીના ભારરૂપ છે.

તેં સારું કર્યું. આ રીતે પણ તેં તેની લક્ષ્મીનો સદ્વ્યય કરાવ્યો. 'આડે લાકડે આડો વેધ' આ ન્યાયે તું આ શેઠની શાન ઠેકાણે લાવ્યો તે ઠીક જ કર્યું છે. રાજાએ આ ભાટનું વાક્ચાતુર્ય જોઈને તેનો યોગ્ય સત્કાર કરી. તેને તેના ઘેર મોકલ્યો.

પછી રાજાએ સભામાં બેઠેલ, ધનકર્મા શેઠને શિખામણ આપતાં કહ્યું કે-તમારે કદીયે ભિક્ષુક સાથે વિરોધ ન કરવો. પુણ્યયોગે મળેલા ધનનો સદ્વ્યય કરવો. દીન-દુઃખી પર દયાભાવ રાખવો. યથાશક્તિ તેઓના દુઃખને દૂર કરવા દાન દેવું. કૃપણતા તો આ લોકમાં અને પરલોકમાં દુઃખનું જ કારણ છે, માટે કૃપણતાનો ત્યાગ કરી ઉદાર બનવું. લક્ષ્મી ચંચળ છે. પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી ટકે. અંતે મરતાં તો લક્ષ્મી વગેરે બધું મૂકવાનું જ છે, તો શા માટે તેના દ્વારા દયા-દાન કરી સફળ ન કરવી ? કોણ લક્ષ્મીને સાથે લઈને જન્મ્યો છે ? અને કોણ લક્ષ્મીને સાથે લઈ મર્યો છે ? માટે હે શેઠ ! લક્ષ્મીનો મોહ ઉતારી મનુષ્યજન્મને સફળ કરવા ઉદાર બનો.

આ પ્રમાણે રાજાએ ધનકર્મા શેઠને શિખામણ આપીને તેના ઘેર મોકલ્યો. શેઠ લજ્જાસહિત રાજાને પ્રણામ કરીને હૃદયમાં હરખાતો હરખાતો પોતાના ઘેર આવ્યો.

પોતાની મિલકત પાછી મળી તેથી શેઠના જીવમાં જીવ આવ્યો. આ મિલકત મેળવી આપનાર અને સાચો ન્યાય કરનાર ધન્યકુમારને શર્ત મુજબ પોતાની સુંદર ગુણવંતી ગુણમાલિની નામની કન્યા ધામધામપૂર્વક પરણાવી. અને ખૂબ, ધન, વસ્ત્રો, અલંકારો વગેરે આપ્યાં. છેવટે ધનકર્મા શેઠને પોતાની કૃપણતાની બરાબર સજા મળી ગઈ. તેથી શેઠની શાન ઠેકાણે આવી ગઈ. હવેથી પોતાના આંગણે આવેલા કોઈ પણ યાચકને ખાલી હાથે પાછો કાઢવો નહિ, 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ આપવી' એવો નિર્ણય કર્યો.

આ વાર્તાનો સાર એટલો જ છે કે અનંત પુણ્યના ઉદયે મળેલા માનવજન્મમાં કદીયે કંજુસ ન બનવું. યથા શક્તિ દીન-દુઃખીનો ઉદ્ધાર કરવો અને સાત ક્ષેત્રોની ભક્તિમાં લક્ષ્મીનો સદ્‌વ્યય કરવો. દાન એ ધર્મનું પ્રથમ પગથિયું છે.

માટે દાન દેવામાં દક્ષ બનજો.

## રત્નકણિકા...

- હે માનવ તું કરી લે કરાર, ન કર કોઈથી તકરાર, સર્વ જીવોને કરી લે પ્યાર, એ જ છે ક્ષમાપના પર્વનો સાર...
- વેરની વસુલાતમાં કોઈ સાર નથી અને ક્ષમાની કબૂલાતમાં કોઈ ભાર નથી...
- સત્કાર્યો એ જીવનની શોભા છે, સજ્જનતા એ જીવનની સુવાસ છે, પ્રસન્નતા એ જીવનની સફળતા છે તો ક્ષમા એ પ્રસન્નતા, સજ્જનતા અને સત્કાર્યોનો આધાર છે...
- ક્રોધ કરવો મરજીયાત છે. પરંતુ એનું પરિણામ ભોગવવું ફરજીયાત છે...
- તારાઓ આકાશનું સ્મિત છે, વિજળી એ વર્ષાનું સ્મિત છે જ્યારે ક્ષમા એ પ્રભુનું સ્મિત છે...
- ક્રોધ તો ગમે તેનું માથું ફોડે છે જ્યારે ક્ષમા તો ક્રોધને તોડે છે...

પૂ. વિદ્વાન લેખક તથા પ્રવચનકાર

## પૂ. પ્રવર્તકપ્રવરશ્રી ધર્મગુપ્ત વિજયજી મ.સા.ની

કસાયેલી કલમે લખાયેલ મનનીય આધ્યાત્મિક સાહિત્ય

- જૈન દર્શન દર્પણ
- નવપદ ઉપાસના
- આગમઅનુપેક્ષા
- યોગ દર્શન
- વૈરાગ્ય ગંગા
- ષોડશક પ્રવચનો
- પ્રવચન પરાગ
- તત્વજ્ઞાન શ્રેણીના ૨૦ પુસ્તકોનો સેટ
- સંસ્કાર ધન ભા. ૧ થી ૧૨ નો સેટ
- વીતરાગ વાણી
- વૈરાગ્યમય વાર્તાઓ
- ચિંતન સાગર
- સરળ નવતત્વ
- ત્રણ ભાષ્યનું વિજ્ઞાન
- સાહિત્ય સરિતા
- શલ્યોધ્ધાર
- તત્ત્વ ચિંતન
- ચિંતન
- અધ્યાત્મભાવના
- સુકૃતની અનુમોદના
- મુમુક્ષુનો મિચ્છામિદુક્કડં
- બાળકોની વાર્તાઓ
- જ્ઞાનજ્યોત વાર્તા શ્રેણી
- પાંચ-પુસ્તકનો સેટ




ડીઝાઈન :
જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન :૨૫૬૨૭૪૬૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦